શેઠ દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ તરફથી ભેટ

॥ ॐ ॥

तत्सत् श्री परमात्मने नमः

પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજી મહારાજે

સુદામાપુરીમાં (પોરબંદરમાં) કરેલાં

અવધાનો.

લેખક:—સૌભદ્ર. મુ. પોરબંદર.

પ્રકાશક.—શેઠ દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ.
પોરબંદર.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦
વીર સંવત્ ૨૪૪૭ ઈ. સ. ૧૯૨૧

મૂલ્ય—અમૂલ્ય.

શેઠ દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ તરફથી ભેટ.

:॥ ॐ ॥

तत्सत् श्री परमात्मने नमः

પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજી મહારાજે

સુદામાપુરીમાં (પોરબંદરમાં) કરેલાં

अवधानो.

લેખક:—સૌભદ્ર. મુ. પોરબંદર.

પ્રકાશક:—શેઠ દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ.

પોરબંદર.

શ્રી ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.

ખાડીઆ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦

વીર સંવત્ ૨૪૪૭ ઈ. સ. ૧૯૨૧

મૂલ્ય—અમૂલ્ય.

બે બોલ.

गुरु ब्रह्मा गुरु विष्णु गुरु देवो महेश्वरः ।
गुरुः साक्षात् परंब्रह्म तस्मै श्रीगुरवेनमः ॥

પૂજ્યપાદ મહારાજશ્રી રત્નચંદ્રજીએ અહીં કરેલાં કેટલાંક વ્યાખ્યાનથી જો કે સુદામાપુરીમાં ઘણાખરા સદ્‌ગૃહસ્થોની સાથે તેઓશ્રીનો પરિચય થયો છે, તોપણ તેઓશ્રીનો વૃતાન્ત સ્થાનકવાસી જૈન સદ્‌ગૃહસ્થો સિવાય બીજા સદ્‌ગૃહસ્થો જાણતા નહિ હોવાથી તે વિષેનું યથામતિ દિગ્દર્શન કરવા માટેજ બે બોલ લખવાનું ઉચિત લાગે છે.

મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજશ્રીની જન્મભૂમિ કચ્છ–મુંદ્રા પાસે ભોરારા ગામ છે. તેઓશ્રી વાણુક વીશા ઓશવાળ જ્ઞાતમાં જન્મેલા છે. બે વરસ પહેલાંજ તેઓશ્રીનાં માતા–પિતા સ્વર્ગસ્થ થયાં છે. નાનપણથી તેઓશ્રીના મનમાં વૈરાગ્યભાવના સ્ફુરેલી હતી. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી એક પુત્રીનો જન્મ થતાં ગૃહસ્થાશ્રમના બંધનનો અંત આવ્યો. ફરીવાર તેમાં જોડાવાનું તેઓશ્રીને યોગ્ય ન લાગવાથી અને નાનપણની વૈરાગ્યભાવના દૃઢ થવાથી તેઓશ્રીએ ૧૭ વરસની ઉમ્મરે (સંવત્ ૧૯૫૩ ના જેઠ સુદી ૩ ને ગુરૂવારના દિવસે) લીંબડી સંપ્રદાયના મહારાજશ્રી ગુલાબચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લીધી. જૈનશાસ્ત્રોનું જ્ઞાન સંપાદન કરવા સાથે સંસ્કૃત ભાષાનું તેઓશ્રીએ જ્ઞાન મેળવવા માગ્યું. સંસ્કૃત ભાષામાં સારા વિદ્વાનો પાસેથી વ્યાકરણ, કાવ્ય, અલંકાર, સાહિત્ય, ન્યાય વિગેરે શાસ્ત્રોનું સારી રીતે જ્ઞાન મેળવવામાં તેઓશ્રીએ બાર વરસ પસાર કીધાં. ત્યારપછી બીજી કેટલીક ભાષાનું તેઓશ્રીએ જ્ઞાન સંપાદન

કર્યું. હાલમાં તેઓશ્રી સંસ્કૃત, પ્રાકૃત, માગધી, અંગ્રેજી, હિંદી, કચ્છી અને ગુજરાતી ભાષાનું જ્ઞાન ધરાવે છે. સંસ્કૃત ભાષાનું તેઓશ્રી બહુજ સારૂં જ્ઞાન ધરાવે છે. તેઓશ્રીએ સંસ્કૃતમાં બે ત્રણ ગ્રન્થો-ભાવનાશતક, કીર્તિકૌમુદી વિગેરે રચ્યાં છે. તેઓશ્રી સંસ્કૃત ભાષામાં બહુજ છૂટથી વાતચીત કરે છે. મહારાજશ્રીને દીક્ષા લીધે આજ લગભગ ૨૪ વરસ થયાં છે અને ઉંમર ૪૦ વરસની છે. પોતાના ગુરૂ મહારાજશ્રી ગુલાબચંદ્રજી સ્વામી સાથેજ પોતે મુંબાઇ શહેરમાં પાંચ વરસ પહેલાં પધારેલા હતા. ત્યાં સને ૧૯૧૫ માં સર નારાયણરાવ ચંદાવરકર સાહેબના પ્રમુખપણા નીચે મહારાજશ્રીએ નોવેલ્ટી થીએટરમાં અવધાનો કરેલાં હતાં. તે બહુજ અસરકારક થયાં હતાં. માંગરોળ, મોરબી, જેતપુર, પાલનપુર, માંડવી વિગેરે સ્થળે પણ મહારાજશ્રીએ અવધાનો કરેલાં હતાં. તેઓશ્રી એક ઉચ્ચ કોટીના કવિ અને લેખક પણ છે, એ ઉપરાંત મહારાજશ્રીને જૈન પ્રાકૃત ભાષામાં એક સર્વોત્કૃષ્ટ કોષ તૈયાર કરવાનું કામ જૈન સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી સોંપવામાં આવ્યું છે અને તે કામ પણ તેઓશ્રી બહુજ ખંતથી કરે છે. કામ લગભગ પૂરૂં થવા આવ્યું છે અને કોષ છપાવવાનું કામ સત્વરમાંજ શરૂ થવાનો સંભવ છે. એ કોષમાં મૂળ જૈન પ્રાકૃત શબ્દનો અર્થ સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં આપેલો છે. એ કોષથી મહારાજશ્રીની કીર્તિને ખરેખર અમરપણું પ્રાપ્ત થશે. આવા સત્, અહિંત, વિદ્વાન્, શાંત, ધર્મ અને નીતિપરાયણ તથા સાચા જૈન ધર્મી મહારાજશ્રીનો પરિચય કોને ન ગમે ?

મહારાજશ્રી અહીં પધાર્યા તે પહેલાં અહીંના સ્થાનકવાસીના ઉપાશ્રયમાં પૂજ્યપાદ મુનિશ્રી ત્રિલોકચંદ્રજી પધારેલા હતા. તેઓ-

શ્રીએ મહારાજશ્રી રત્નચંદ્રજીની કેટલીક હકીકત પ્રસ્તુત પુસ્તકના લેખકને જણાવી હતી અને ખાસ સૂચના કરી હતી કે મહારાજશ્રી પાસેથી જેટલો લાભ મેળવી શકો તેટલો લઇ લેવો. લેખક સંસારની ઉપાધિમાં પડેલો જીવ છે અને તેણે મહારાજશ્રીના વચનામૃતનો બનતો લાભ લેવા યત્ન કરેલો છે અને મહારાજશ્રીના એ વચનામૃતનો લાભ સૌને મળે એ ઉદ્દેશથી મહારાજશ્રીએ અહીં આપેલાં ભાષણો પુસ્તકરૂપમાં પ્રસિદ્ધ કરવાની પણ લેખકની ઇચ્છા હોવાથી તે સંકલ્પ પણ ઇશ્વરની કૃપા હશે તો યોગ્ય સમયે પૂર્ણ થશે.

મહારાજશ્રી પોતાના ગુરૂશ્રી ગુલાબચંદ્રજી સ્વામી તથા ગુરૂબંધુ મુનિશ્રી વીરજી સ્વામી તથા મુનિશ્રી રૂપચંદ્રજી સ્વામી સાથે પોરબંદરમાં ફાગણ વદ ૬ ને મંગળવારે એટલે તા. ૨૯–૩–૧૯૨૧ ના રોજ પધારેલા હતા અને બીજેજ દિવસે તેમણે ભાષણદ્વારા ધર્મોપદેશનું કાર્ય શરૂ કર્યું હતું. તેમના ભાષણ શ્રવણમાટે શ્રાવક–શ્રાવિકાઓ તો એકત્ર થાય તેમાં નવાઇ નહિ; પણ તદુપરાંત ઉપાશ્રયમાં બીજી કોમના માણસો પણ હાજરી આપતાં હતાં. તેમનું ભાષણ વિદ્વતાભરેલું, રસિક, અસરકારક અને મધુર હતું; તદુપરાંત સત્યસ્થિતિદર્શક અને સર્વદેશી હતું. ભાષણમાં પ્રચલિત સમાજસ્થિતિનું તેઓશ્રી બહુજ સારી રીતે દિગ્દર્શન કરાવતા હતા અને સાચો જૈન કોને કહેવો એ વિષે વખતોવખત શ્રાવક–શ્રાવિકાઓને દિશા બતાવતા હતા.

સુદામાપુરીમાં આ સાલ પહેલોજ સાર્વજનિક ગણપતિ–મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે પ્રમાણે પહેલવહેલાજ બહુજ મોટી ધામધુમથી સાર્વજનિક રામજયન્તિ ઉત્સવ અને હનુમાનજયન્તિ ઉત્સવ ઉજવવામાં આવ્યા. અહીંના જૈનભાઇઓ બીજા સંપ્રદાયના લોકો સાથે મળવા હરહંમેશ તૈયારજ હોય છે, પણ આ

વેળા તો મહારાજશ્રીએ શ્રીરામજયન્તિ ઉત્સવને અંગે આપવામાં આવતાં વ્યાખ્યાનોની પ્રનાલિકામાં "મનુષ્યજીવન" ઉપર સચોટ ભાષણ આપીને ખરા ધાર્મિકજન કેવા હોય છે, એનું ભાન કરાવ્યું હતું. મહારાજશ્રીના આ ભાષણમાં હિંદુ, મુસલમાન, પારસી તથા જૈન જ્ઞાતિનાં લગભગ અઢી ત્રણ હજાર સ્ત્રી પુરૂષોએ બહુજ ઉમંગથી ભાગ લીધો હતો. મહારાજશ્રીએ પોતે શ્રીરામજન્મના દિવસે ભાષણ આપ્યું એટલુંજ નહિ, પણ એ ઉત્સવના કાર્યક્રમ વિષે તેમના શાસ્ત્રીજી પાસે તેઓશ્રી રોજ પૂછપરછ કરતા હતા. એટલી તેઓશ્રીની બીજા ધર્મના કાર્ય માટે પણ લાગણી હતી. મહારાજશ્રીની બીજી જ્ઞાતિના માણસોપર જ્યારે આવી લાગણી હોય, ત્યારે મહારાજશ્રી માટે અન્ય ધર્મીઓના અંતરમાં બહુજ માનભરી લાગણી હોય એ કુદરતીજ છે.

રામજયન્તિ પ્રમાણેજ મહાવીરજયન્તિનો પણ આ સાલ પહેલોજ ઉત્સવ ઉજવવામાં આવ્યો અને તે દિવસે પણ મહારાજશ્રીએ સર્વ જૈનસંઘનાં તથા અન્ય જ્ઞાતિનાં સ્ત્રી, પુરૂષો સમક્ષ મહાવીરના ચારિત્ર ઉપર અસરકારક ભાષણ આપ્યું હતું.

આ પ્રસંગે જૈનસંઘ તરફથી જીવદયાનો એક ખરડો કરવામાં આવ્યો હતો, જેમાં રૂ. ૧૦૦૦) લગભગ થયા. તેમાંથી રૂ. ૫૦૦)ની મુંબાઈ કતલખાનામાંથી ગાયો છોડાવી અને બાકીના રૂપીઆથી અત્રે અમુક વખત જાળ બંધ કરાવવામાં આવી હતી અને કેટલાક જીવો પણ છોડાવ્યા હતા. મહારાજશ્રીએ આવી ધામધુમથી મહાવીરજયન્તિ તથા રામજયન્તિ હરસાલ ઉજવવામાં આવશે, એવી આશા પ્રકટ કરી હતી.

મહારાજશ્રીએ લગભગ એક માસ સુધી જ્ઞાન-સત્ર કર્યો હતો,

અને અહીંના સ્ત્રી તથા પુરૂષવર્ગને જ્ઞાનામૃત પાયું હતું. ચૈત્ર વદ ૪ ને મંગળવારે સવારમાં સુદામાપુરી છોડી શ્રાવકશ્રાવિકાઓ તથા અન્ય જૈનોને સાચા ધર્મની લગની લગાડી, તેઓશ્રીએ રાણાવાવ તરફ પોતાના ગુરૂશ્રી સાથે વિહાર કર્યો હતો.

મહારાજશ્રીના સહવાસમાં જે દિવસો ગયા છે, તે બહુજ ત્વરાથી નીકળી ગયા; કારણકે તે અપૂર્વ આનંદના દિવસો હતા. તાત્પર્ય કે મહારાજશ્રીનું જેટલું યશોગાન કરૂં તેટલું ઓછુંજ છે.

" परोपकाराय सतां विभूतय: "

પ્રસ્તુત પુસ્તકના લખાણમાં મારા સ્નેહી રા. રા. જગજીવન કાલિદાસ પાઠકે જે સૂચના કરી છે તે માટે તેમનો તથા પ્રેસ-કૉપી તૈયાર કરવા માટે મારા મિત્ર રા. રા. ચંદુલાલ સેવકરામ શુક્લે જે મદદ કરી છે, તે માટે તેમનો હું આભારી છું.

આ પુસ્તકપ્રકાશનમાં મુરબ્બી ભાઇશ્રી દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ શેઠ સાહેબે જે ઉદારતા દર્શાવી છે, તે માટે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે અને તે માટે લેખક તેમનો આભારી છે.

પુસ્તકના પ્રકાશનને વિલંબ ન થાય તે માટે આ પુસ્તકનાં પ્રૂફ મારા પરમ સ્નેહી મુરબ્બી ભાઇશ્રી નારાયણદાસ વિસનજી ઠક્કરે અમદાવાદમાં તપાસીને જે મદદ કરી છે તથા લખાણમાં રહેલા કેટલાક દોષો સુધારેલા છે, તે માટે હું તેમનો તથા સારૂં અને સત્વર છાપવાનું કામ કર્યા બદલ પ્રેસના માલિકનો આભારી છું.

અવધાનનું આ પુસ્તક લખવામાં મહારાજશ્રીની થોડી ઘણી સેવા આ લેખક તરફથી થઈ હોય તો તે સેવા પૂજ્યપાદ પરમ પવિત્ર શ્રીગુરૂ શ્રી ગુલાબચંદ્રજીના ચરણમાં સમર્પણ કરીને અને ગુરૂશ્રીને તથા મહારાજશ્રીને વંદન કરીને હું વિરમું છું.

સુદામાપુરી. મુકુન્દાશ્રમ.
સંવત્ ૧૯૭૭, ચૈત્ર વદ ૮
શનિવાર તા. ૪-૪-૨૧.

લી. મહારાજશ્રીનો સેવક

" સોભદ્ર "

અનુક્રમણિકા.

પંડિત શ્રીમુનિરાજ

રત્નચંદ્રજી મહારાજશ્રીએ સુદામાપુરિમાં કરેલાં અવધાનો.

પંડિત મુનિરાજશ્રીનું અહીં આગમન થયા પછી અને તેઓ શતાવધાની છે એ અહીંની પ્રજાવર્ગને ખબર પડ્યા પછી તેઓશ્રીના અવધાનો જોવાની પ્રજાજનના મનમાં આતુરતા થઈ. સ્થાનકવાસી જૈન સંઘના આગેવાનોને આ બાબત વિનતિ કરતાં તેઓએ નાગરિકોની વિનતિ માન્ય રાખી, પણ અવધાનનો દિવસ નક્કી થતો નહોતો. જૈન સંઘના આગેવાનો તથા ગામના સારા ગૃહસ્થોની એવી ઇચ્છા હતી કે મહારાજશ્રીનાં અવધાનો ખુદાવિંદ નામદાર મહારાજા રાણા સાહેબની હાજરીમાં થાય તો વધારે સારૂં, પણ ઈશ્વરી સંકેત તેવો ન હતો. કાંઈક કામ પ્રસંગે ખુદાવિંદ નામદાર મહારાજા રાણા સાહેબને મુંબાઈ જવું પડ્યું અને ત્યાં તેમને રોકાવું પડ્યું. મહારાજશ્રીને વિહાર કરવાને ૫-૬ દિવસની વાર હતી, તે દિવસે એટલે રવિવાર તા. ૨૪-૪-૧૯૨૧ ના દિવસે સવારના ૮॥ થી ૧૧ સુધી શેઠ નાનજી ગોકળદાસ ઝવેરી લાયબ્રેરીના હૉલમાં અવધાનનું નક્કી કરવામાં આવ્યું.

આ પ્રસંગે રાજ્યના નાના મોટા અધિકારી સાહેબો તથા ગામના સર્વ કોમના પ્રતિષ્ઠિત્ સદ્‌ગૃહસ્થો હાજર હતા. લાયબ્રેરીનો હૉલ પુરેપુરો ભરાઈ ગયો હતો ને આશરે એક હજાર માણસો આવેલા હતા. તેમાં નીચેના માનવંતા સાહેબોએ હાજરી આપી હતી.

કુમારશ્રી પ્રતાપસિંહજી દોલતસિંહજી.

રાણાશ્રી પ્રતાપસિંહજી પોલિસ કમીશનર સાહેબ.

રા. રા, અમૃતલાલભાઇ સર ન્યાયાધીશ સાહેબ.
રા. રા. જગજીવનભાઈ ચીફ એકાઉન્ટ ઓફીસર સાહેબ.
રા. રા. વૈકુંઠરાયભાઈ હજુર ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ.
શેઠ હીરાચંદ શેપકરણુ.
શેઠ દેવીદાસ લક્ષ્મીચંદ.
શેઠ મૂળજી રાઘવજી ઢાંકી.
શેઠ હરખચંદ વેલજી.
શેઠ નાગરદાસ મૂળચંદ.
શેઠ તાજભાઇ જીવાજી.
શેઠ મહમદઅલી નથુભાઇ પ્રેમજી.
રા. રા. બુરાનોદીન ઉરેઝી સાહેબ.
શેઠ ભાણુજી બવજી.
શેઠ ગિરધર હરજી.
રા. રા. નરભેશંકર જીવણરામ મારૂ.
રા. રા. પ્રભુલાલ આત્મારામ છાયા.
શેઠ કલ્યાણજી મોનજી.
શેઠ સુંદરજી ઝીણા.

પ્રારંભમાં માન્યવર શેઠશ્રી દેવીદાસ ધેવરીઆએ મહારાજશ્રીનો શ્રોતાજનોને પરિચય કરાવ્યો ને જણાવ્યું કે પૂજ્ય મહારાજશ્રીએ મુંબાઇ, માંડવી વિગેરે સ્થળે અવધાનો કરેલાં છે અને જૈન મુનિ મહારાજો કેવી જ્ઞાનશક્તિઓ ધરાવે છે, તેનો મહારાજશ્રી એક આદર્શ નમૂનો છે. ત્યારપછી તેમણે અવધાનના વખતમાં શાન્તિ જાળવવાની સભાજનોને વિનતિ કરી ને છેલ્લે મહારાજશ્રીને અવધાન શરૂ કરવા પ્રાર્થના કરી.

અવધાનોનો આરંભ.

આરંભમાંજ મહારાજશ્રીએ પંચપરમેષ્ઠિની સ્તુતિ કરી હતી. સ્તુતિને પરિણામે સભામાં શાન્તિ થઇ અને મહારાજશ્રીએ અવધાનક્રિયા શરૂ કરી.

અવધાન ૧ લું.

પહેલા અવધાનમાં શ્લોકના પહેલા ચરણના આડાઅવળા અક્ષરો મહારાજશ્રીને સંભળાવવામાં આવ્યા. આ ચરણ આઠ અક્ષરનું હતું અને તે શ્રીયુત્ વ્રજલાલ રણછોડજી વકીલે નવું રચેલું હતું.

પાંચમો અક્ષર **તु**, આઠમો અક્ષર **रे**, ત્રીજો અક્ષર **ग्र**, બીજો અક્ષર **रि**, સાતમો અક્ષર **सा**, પહેલો અક્ષર **प**, છઠ્ઠો અક્ષર **सं**, ચોથો અક્ષર **वे**.

ત્યારબાદ તુરતજ બીજા અવધાનની શરૂઆત કરવામાં આવી:—

અવધાન ૨ જું.

એક સાચા વૈશ્નવની કથા.

મનુસ્મૃતિમાં એમ કહ્યું છે કે:—

धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः
तस्माद्धर्मो न हन्तव्यो मा नो धर्मो हतोऽवधीत् ॥१॥

જે માણસ-અથવા સમાજ ધર્મનો નાશ કરે એટલે અધર્મથી વર્તે તે માણસ અથવા સમાજ પોતાનો નાશ કરે છે અને જો ધર્મનું બરાબર પાલન કરવામાં આવે તો તે રક્ષણ કરે છે. આ તો દરેકની પ્રથમ ફરજ છે કે ધર્મનો અનાદર બિલકુલ ન કરવો જોઇએ. ધર્મને એટલે ધર્મનાં તત્ત્વોને હૃદયમાં ઉંડા ઉતારવાં, ધર્મ તરફ પ્રેમ રાખવો, ધર્મ તરફ ખરા દીલની લાગણી હોવી જોઇએ,

મંદિરમાં જઈ આવવું, ઉપાશ્રયમાં જઇ આવવું એટલુંજ બસ નથી; પણ ધર્મ ઉપર લાગણી સદાને માટે જોઇએ. દિવસના ૨૪ કલાકમાં એવી એક પણ ક્ષણુ જવી ન જોઇએ કે જે વેળા ધર્મ ઉપરનો આપણો પ્રેમ નષ્ટ થાય. જાગૃતાવસ્થામાં, નિદ્રામાં કે ગમે ત્યારે ધર્મ ઉપરની આપણી આંતરિક લાગણી, આપણો પ્રેમ અચળ હોવો જોઇએ.ધર્મ ઉપરની અચળ નિષ્ઠા અને તેના ઉપરનો અઢળક પ્રેમ કેવો હોવો જોઇએ તે એક દૃષ્ટાંતરૂપ કથા ઉપરથી જાણી શકાશે.

એક વૈશ્નવ સંપ્રદાયના મહાત્મા હતા, તે ફરતા ફરતા એક દિવસે એક રાજાની નગરી પાસેના જંગલમાં આવ્યા. તે મહાત્મા બહુજ પ્રભાવશાળી હતા. તેમની પ્રતિભાની કીર્તિ તે રાજાના ગામમાં વિદ્યુતવેગથી પ્રસરવા લાગી. રોજ તેમનાં દર્શને આવનારની સંખ્યા વધવા લાગી. સ્ત્રી, પુરૂષ, બાળક સૌ કોઇ તે મહાત્માને દર્શને રોજ જતાં. મહાત્માની કીર્તિનું ગાન રાજાના કાન ઉપર ગયું. રાજાએ આજસુધી કોઈપણ સત્પુરૂષનું દર્શન કર્યું ન હતું, એટલુંજ નહિ પણ ધર્મ વિષે તેના મનમાં કાંઇ વિચાર પણ આવ્યો ન હતો. આ દુનિયામાં જે કાંઇ છે, તે સર્વ લક્ષ્મીથીજ પ્રાપ્ત થાય છે, એવી તેની ભાવના હતી અને તેજ ભાવનામાં તે આજસુધી વિલીન હતો; પણ જ્યારે એ વિરક્ત મહાત્માનાં ગુણગાન તેના કાનપર આવ્યાં ત્યારે તેને સહજ ઇચ્છા થઇ કે એ સત્પુરૂષ પાસે લક્ષ્મી નથી, છતાં લોકો તેની સંગતિ માટે, તેનાં દર્શન માટે ગાંડા થાય છે, તો આપણે એ વિભૂતિને એક વખત તો જોવી જોઇએ. એમ તેના મનમાં શ્રદ્ધા થવાથી તે તે મહા પુરૂષના દર્શને આવ્યો ને મહાત્માનું દર્શન કર્યું. મહાત્માના ચરણમાં વંદન કરતાંજ તથા તેનું સ્વરૂપ નિહાળતાંજ રાજાની વૃત્તિમાં કાંઇક ફેરફાર

થયો. તેના હૃદયમાં છૂપી રહેલી ધર્મભાવના જાગૃત થઇ. તેના મનમાં એ સત્પુરૂષ વિષે ઉત્તમ ભાવ થવા લાગ્યો. તે વેળા "ધર્મનું સ્વરૂપ" એ વિષે પ્રવચન ચાલતું હતું. વિષય ઉત્તમ અને તેમાં મહાત્મા જેવા સત્પુરૂષ કથન કરવાવાળા પછી જોવાનુંજ શું હોય ! મહાત્માના કથનની રાજાના મનપર ઘણીજ સારી અસર થઇ. તેથી તેને જણાયું કે "ધર્મ એક સારામાં સારી ચીજ છે અને તે અગત્યની છે."

અહીં સુધી વિવેચન થયા બાદ તુરતજ ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૩ જું.

રા. રા. ધોન્ડુ મુકુન્દ દેશપાંડેએ સોળ કોઠાનો યંત્ર મહારાજશ્રીને એવી રીતે ગોઠવવા વિનતિ કરી કે બધી બાજુથી એટલે આડો, ઉભો, તથા એક ખુણેથી બીજે ખુણે ગમે તેવી રીતે સરવાળો ગણતાં સરવાળો ૯૭૫ થાય.

મહારાજશ્રીએ તુરતજ કોઠો નીચે પ્રમાણે ભરાવ્યો:—

પહેલા કોઠામાં ૪૭૯, બીજામાં ૪૮૭, ચોથામાં ૭, અને ત્રીજામાં ૨.

અવધાન ૪ થું.

શ્રીયુત્ હરજીવન કાળીદાસ મહેતા—"ભારતસેવા" ના અધિપતિ સાહેબે—એક ૬ શબ્દનું સંસ્કૃત વાક્ય આડાઅવળા શબ્દોમાં નીચે પ્રમાણે સંભળાવ્યું:—

ત્રીજો શબ્દ **तेन**, પાંચમો શબ્દ **हि**, બીજો શબ્દ **जगत्**, છઠ્ઠો શબ્દ **येन**, ચોથો શબ્દ **मनो**, પહેલો શબ્દ **जितं**.

ઉપરનું આડુંઅવળું સંસ્કૃત શબ્દનું વાક્ય સાંભળ્યાબાદ

તરતજ મહારાજશ્રીએ ત્રીજા અવધાનના કેટલાક કોઠામાં આંકડા પૂરવા કહ્યું.

અવધાન ૩ જું.

નવમા કોઠામાં ૪૮૬, સોળમા કોઠામાં ૪૮૫, આઠમા કોઠામાં ૪૮૨, સાતમા કોઠામાં ૪૮૪, ત્યાર બાદ

અવધાન ૫ મું.

શ્રીયુત્ મયાશંકર રામજીભાઇ માસ્તર સાહેબે પૂછ્યું કે ઇ. સ. ૧૭૯૨ ના જુન મહિનાની ૧૫ મી તારીખે કયો વાર હતો ?

તુરતજ છઠ્ઠો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૬ ઠું.

શેઠ પ્રભુદાસ જેચંદભાઇએ ૬૪ પાનાંની થોકડી લઇ પોતાની ઇચ્છા મુજબ તેના ૬ ભાગ કરી નીચે મૂકી હતી તે ઉપરથી એવો પ્રશ્ન મૂકવામાં આવ્યો કે આ ૭ થોકડીની નીચેના આંકડાનો સરવાળો કેટલો થાય ?

પ્રભુદાસભાઇએ તે વખતે એમ જણાવ્યું હતું કે ૬ થોકડી થઇ છે અને પાનાં ૯ વધ્યાં છે, કે જેની થોકડી થતી નથી.

મહારાજશ્રીએ એ સાંભળ્યા બાદ સાતમો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૭ મું.

શેઠ ભગવાનદાસ જાદવજી વોરાએ પાસા વિષે પ્રશ્ન પૂછ્યો. તેમણે મહારાજશ્રી જોઈ ન શકે તેમ બે પાસા જમીન ઉપર નાખ્યા. તેઓ મહારાજશ્રીથી બહુજ દૂર અંતરપર બેઠા હતા. તેમાં કયા પાસામાં કેટલા દાણા નીચે છે, તે જાણવા માગ્યું હતું. તરતજ મહારાજશ્રીએ કહ્યું કે પહેલા તથા બીજા એ બન્ને પાસાના દાણા

જુદા જુદા કાગળપર લખી લેવા. પહેલા પાસાના દાણામાં જે નંબર આવેલો હોય તેમાં ૨ ભેળવી બમણા કરો.

મહારાજશ્રીએ એટલું કહ્યા પછી આઠમો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૮ મું.

શ્રીયુત્ રા. રા. મણિશંકર જયાશંકર ભટ્ટ–ભાવનગરની શામળદાસ કૉલેજના પ્રોફેસર સાહેબે મહારાજશ્રીને ૬૬૬૬૬૬૬૬૬ એ રકમ કહી સંભળાવી અને વિનતિ કરી કે કઇ બે રકમનો ગુણાકાર કરીએ તો ઉપર મુજબ ગુણાકાર આવે ?

પ્રશ્ન સાંભળતાંજ મહારાજશ્રીએ એક કરોડ અને ત્રેત્રીસ લાખ લખવા કહ્યું.

ત્યારબાદ તરતજ મહારાજશ્રી સાથે સંસ્કૃતમાં વાતચીત શરૂ થઈ.

અવધાન ૯ મું.

વે. શા. સં. બલવંત શર્મા મગનલાલ શર્મા અગ્નિહોત્રી શાસ્ત્રીજીએ સંસ્કૃતમાં મહારાજશ્રી સાથે નીચે પ્રમાણે વાતચીત કરી:—

શાસ્ત્રી—स्मर्यते खलु यदावयोः पूर्वं क्वापि समागमो जातः! (આપણો પહેલાં કોઇક સ્થળે સમાગમ થયેલો છે, તે આપને યાદ છે ?)

મહા—नायाति सांप्रतं स्मृतिपथं तत् (ના, અત્યારે તે સાંભરતું નથી.)

શાસ્ત્રી—कच्छजनपदान्तः पाति समीर लहरि संतापमाकाएह कासारोपवनशोभितमण्डनपुरेहमुपस्थितोऽवधानसभायाम् (કચ્છમાં આવેલા, તે સરોવરના શીતળ જળથી ઠંડી હવાવાળાં સુશોભિત માંડવી શહેરમાં અવધાન થયું તે સભામાં હું હાજર હતો.)

મહા—सम्यक् सम्यक् । तत्रापि संस्कृतभाषायां वार्तालापे भवन्त एव नियोजितार इत्यद्यतरति स्मृतिपथं सद्यः। अस्त्वेतत् । अधुना किमपि प्रष्टव्यमस्ति ! अस्ति चेत् पृच्छ्यतां तत् ॥ (બરાબર, બરાબર, ત્યાં પણ સંસ્કૃત ભાષામાં વાતચીત કરવાને તમેજ જોડાયા હતા, એવું હવે મને યાદ આવે છે. બહુ સારૂં, ચાલો, અત્યારે કાંઈ પૂછવું છે ? જો પૂછવું હોય તો બોલો.)

શાસ્ત્રી—शास्त्रे "यतो धर्मस्ततो जय" इत्यनेन स्मृत्या यत्र यत्र धर्माभावस्तत्र तत्र जयाभावः। यत्र यत्र च धर्म सत्ता तत्र तत्र जयः। पुत्र धनधान्य सत्ता चेति लिखितं । तत्सिद्धान्त अस्ति नवा ? (શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યાં ધર્મ છે ત્યાં જય છે. એ સૂત્ર પ્રમાણે તો જ્યાં જ્યાં ધર્મ નથી ત્યાં ત્યાં જય પણ નથી ને જ્યાં જ્યાં ધર્મ છે ત્યાં ત્યાં જય છે તથા પુત્ર, ધન, ધાન્ય વિગેરેનું અસ્તિત્વ છે, એવોજ સિધાન્ત લખાયેલો છે ની ?

મહા—सर्वमान्योयं सिद्धान्तः का तत्रा शङ्का संजायते भवताम् ! (હા, એમજ, એ મહામાન્ય સિદ્ધાંત છે, તેમાં આપને શી શંકા થાય છે ?)

શાસ્ત્રી—कथं तर्हि पाश्चात्यप्रदेशे यूरोपादिषु धर्माभावेऽपि सर्व समृद्ध्यादिकं परीदृश्यते ? (જો, એમ છે તો યૂરોપાદિ પશ્ચિમના દેશોમાં ધર્મ નથી, છતાં પુષ્કળ સુખ સમૃદ્ધિ કેમ દેખાય છે ?)

महा—आश्चर्यं खल्वेतत्- यच्छास्त्रदृशापि भवता स्थूलदृष्टैव सुखं निरिक्ष्यते । यूरोपादि प्रदेशे यत् समृद्ध्यादि सुखं वा वास्तविको जयः स्याच्चेत्तदा धर्मोपितत्रावश्यं स्यादेव । (આપના જેવા શાસ્ત્રવેત્તા પણ સ્થૂલ દ્રષ્ટિવડે સુખ જુએ છે, એ નવાઈની વાત છે! યૂરોપાદિ દેશોમાં જો ખરેખરાં સમૃદ્ધિ અને જય હોય તો ત્યાં અવશ્ય ધર્મ પણ હોવો જોઈએ.)

शास्त्री—तर्हि सांप्रतं भारतवर्षे कथं वैपरीत्यं विद्यते ? । धर्माणां प्राचुर्येपि सुखसमृद्धि नं दृश्यते ॥ (તો અત્યારે ભારતવર્ષમાં વિપરીત કેમ દેખાય છે? અહીંઆં ધર્મ પુષ્કળ છતાં સુખ સમૃદ્ધિ કેમ જોવામાં આવતાં નથી ?)

महा—यद्यपि भारतवर्षे पाश्चात्यदेशसदृशं धनं नास्ति । तादृशायोपि नास्ति । तथापि यन्मानसं सुखं, तृप्तिश्च, भारतानामस्ति तद्देशान्तरे नास्ति । समृद्धि ह्रासोपि धर्मह्रास एव संजायमानोऽनुमीयते. (જો કે ભારતવર્ષમાં અત્યારે પશ્ચિમના દેશો જેટલું ધન જોવામાં આવતું નથી, તોપણ ભારતવાસીજનોમાં જે સંતોષ અને માનસિક સુખ છે તે બીજા કોઈ દેશોમાં નથી. ધર્મ ઘટવાથી સમૃદ્ધિ ઘટે છે, એમ અનુમાન થાય છે.)

शास्त्री—किं भारतवर्षे सद्यो धर्मह्रासो विद्यते ? (તો શું અત્યારે ભારતવર્ષમાં ધર્મનો લય થયો જોવાય છે ?)

महा—मतानां प्राचुर्येपि धर्म प्राचूर्यं नास्ति । धर्मस्य तु ह्रास एव। अस्मिन् वर्षे पूर्वं जनताचरणे सत्यं

प्रामाणिकत्वं यदासीत् तत्सांप्रतं न दृश्यते। तेन विना च न धर्मस्य संरक्षणं जायते। अत एव तत्र समृद्धयादि सत्वेपि विजयो नास्ति। सिद्धान्तस्त्वबाधित एवेत्यलं प्रसंगेन ॥ (અને એટલે સંપ્રદાયો વધે તેથી ધર્મ વધ્યો ગણાય નહિ. ધર્મનો તો લયજ થાય છે. ભારતવર્ષના જુના માણસોનાં આચરણોમાં જેટલું સત્ય અને પ્રમાણિકપણું જોવામાં આવતું હતું તેટલું અત્યારે જોવામાં આવતું નથી. ને તેના વિના ધર્મનું સંરક્ષણ પણ થતું નથી. આથીજ પહેલાના જેટલી સમૃદ્ધિ પણ જણાતી નથી. આ કારણે " यतो धर्मस्ततो जयः" એ સિદ્ધાન્ત અબાધિત રહે છે. અત્યારે એટલું બસ છે.

ઉપર પ્રમાણે વાતચીત પુરી થતાંજ

અવધાન ૧ લું.

શ્રીયુત્ વ્રજલાલભાઈએ પોતાના શ્લોકનું બીજું ચરણ સંભળાવ્યું:—ચોથો અક્ષર र्ता: સાતમો અક્ષર प्र, બીજો અક્ષર रि, પાંચમો અક્ષર प, ત્રીજો અક્ષર व, છટ્ઠો અક્ષર रि, પહેલો અક્ષર प, આઠમો અક્ષર वा:

ઉપર્યુક્ત શ્લોકના આડાઅવળા અક્ષરો સાંભળી લીધા બાદ

અવધાન ૩ જું.

મહારાજશ્રીએ નીચે મુજબ કોઠામાં આંકડા ભરવા કહ્યું:—

પંદરમા કોઠામાં ૪૮૧, દશમા કોઠામાં ૪૮૦, પાંચમા કોઠામાં ૬, છઠ્ઠા કોઠામાં ૩,

ત્યારબાદ મહારાજશ્રીએ અધૂરી મૂકેલી કથા શરૂ કરી:—

અવધાન ૨ જું.

(એક સાચા વૈષ્ણવની કથા ચાલૂ.)

કથાના શ્રવણથી રાજાના મનમાં ધર્મ વિષે શ્રદ્ધા ઉત્પન્ન થઇ. તે મહાત્માને શરણે ગયો અને કહેવા લાગ્યો: "હે પ્રભુ! હું ધર્મનો મર્મ જાણુતો નથી. મને ગુરૂનો સમાગમ નથી. આપના કથનથી મારા મનમાં હમણાં ધર્મભાવનાની જાગૃતિ થઇ છે, તો આપ કૃપા કરી મને કાંઇ સેવા ફરમાવો મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો." રાજાનું વચન સાંભળી મહાત્માના મનમાં પણ દયા આવી. તે રાજાને કહેવા લાગ્યા: "હે રાજન્! શિષ્ય થવું એ સહેલું નથી. ગુરૂની આજ્ઞાનું પાલન કરવું એ શિષ્યની ફરજ છે, પછી તે આજ્ઞા ગમે તેવી હોય અને ગુરૂની આજ્ઞાપાલનમાં ખામી આવે ત્યારે તે શિષ્યપદથી ચ્યૂત થાય છે. તેમ ગુરૂએ પણ જેમા શિષ્યનું હિત સમાયેલું છે, તેજ આજ્ઞા કરવાની છે. શિષ્ય પાસેથી નાણાં ઉઘરાવી મોજ શોખ કરવાનું નથી. એટલે શિષ્ય અને ગુરૂ એવા હોવા જોઇએ કે શિષ્યના મનમાં ગુરૂભક્તિ સિવાય બીજું કાંઇ ન હોય અને ગુરૂના મનમાં શિષ્યનું હિત શાથી થાય એજ વિચાર રહે. ગુરુ તો તેનુંજ નામ છે કે જે શિષ્યોના હિતમાટે સદા સર્વદા તત્પર રહે. **मणिरत्नमाला** માં લખ્યું છે કે:—

"गुरोस्तु को यश्च हितोपदेष्टा
शिष्यस्तु को गुरुभक्त एव"

એક એવું દૃષ્ટાંત છે કે એક ગુરૂ અને શિષ્ય જગતમાં વસતા હતા. શિષ્યની ગુરૂ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી, તેમ ગુરૂનો પણ શિષ્ય ઉપર સાચો પ્રેમ હતો ને તેના હિત માટે સદા સાવચેત હતા. એક દિવસે શિષ્ય સૂતો હતો ત્યારે એક સર્પ શિષ્ય તરફ ધસતો આવ્યો. તે શિષ્યને ન કરડે એટલા માટે ગુરૂએ શિષ્ય અને

સર્પની વચ્ચે એક લીટી દોરી. સર્પ ત્યાં ઉભો રહ્યો. પછી ગુરૂએ સર્પને પૂછ્યું "તું શા માટે અહીં આવ્યો છે?" સર્પે કહ્યું: "ગત જન્મમાં આણે મારો જીવ લીધો હતો, એટલા માટે તેનો બદલો વાળવાને આવ્યો છું. હું તેને કરડીને તેનો પ્રાણ લઇશ." ગુરૂએ સર્પની પાસે શિષ્યનાં પ્રાણ કોઇ પણ રીતે રહેવાં જોઇએ એવી માગણી કરી. સર્પ તે માગણીનો સ્વીકાર કરવા તૈયાર ન હતો અને ગુરૂ પણ તેને લીટીની અંદર આવવા દેવા તૈયાર ન હતા. છેલ્લે ગુરૂએ ફરીથી વિનતિ કરી. સર્પે એક શરત ઉપર તે જીવને છોડવા માટે કબુલ કર્યું અને તે એ કે શિષ્યના ગળાની નસ કાપીને તેમાંથી નીકળેલું લોહી મારાપર છાંટવામાં આવે તો તેનો સ્વાદ ચાખીને હું પાછો જઇશ. ગુરૂએ સર્પની વાત કબુલ કરી. તરતજ છરી લઇને તે શિષ્યની છાતીઉપર ચડી બેઠા. છાતી પર ગુરૂજી બેસતાંની સાથે શિષ્ય જાગ્યો. આંખ ઉઘાડીને જોયું તો ગુરૂજી છાતીપર બેઠેલા છે અને હાથમાં છરો છે એટલે તેણે પોતાની આંખો બંધ કરી અને નિશ્ચિંતપણે સુતો. તેના મનમાં તે વિષે કાંઇ પણ અણુવિશ્વાસ ન આવ્યો. તરતજ ગુરૂજીએ ગળા પાસેની એક નસ કાપી લોહીનાં ટીપાં સર્પપર છાંટયાં. સર્પ તેની વાસના લઇ ચાલ્યો ગયો. પછી ગુરૂ ઉઠયા અને તેણે શિષ્યને પૂછ્યું: "હે ભદ્ર! હું તારી છાતીપર બેઠો અને મારા હાથમાં છરો હતો, ત્યારે તને કાંઇ ભય ઉત્પન્ન ન થયો? તેમ જ્યારે હું તારા ગળાની નસ કાપતો હતો ત્યારે પણ તને કાંઇ બ્હીક ન લાગી?" શિષ્ય બોલ્યો: "પ્રભો! આમ શું બોલો છો? ગુરૂ નજીક હોય પછી બ્હીક શાની? કારણકે આપ કરો છો તે સર્વ મારા હિતને ખાતરજ કરો છો એ મારી ખાત્રી છે. કારણકે મારા ગુરૂના મનમાં લાલચનું સ્થાન નથી. જ્યાં લાલચ નથી, ત્યાં હિત સિવાય બીજું

શું હોઇ શકે ?" આવા શિષ્યના ઉદ્‌ગાર સાંભળ્યા પછી ગુરૂએ શિષ્યને બધી વાત કહી સંભળાવી. એનું નામ ગુરૂ અને એનું નામ શિષ્ય.

હે રાજા ! શિષ્ય થવું એ સહેલું નથી. એ વચન સાંભળતાંજ રાજાએ પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા મહાત્માને ફરીથી પ્રાર્થના કરી અને ઉપદેશ આપવા નમ્રભાવે વિનતિ કરી. રાજાને મહાત્માએ ધર્મનાં તત્ત્વો અને તેનું કેવી રીતે પાલન કરવું એ વિષે સારી રીતે સમજાવ્યું. ગુરૂદક્ષિણા તરીકે શું મૂકવું ? એ ભાવના રાજાના મનમાં પ્રકટ થઇ. તે લક્ષમાં આવતાંજ મહાત્માશ્રીએ કહ્યું: "રાજા ! મને તો કાંઇ લાલચ નથી, કારણકે અમારા જેવા ત્યાગીને તેવી લાલચ રાખવી ઉચિત નથી, પણ જ્યારે ગુરૂદક્ષિણા આપવી એવી તારી ભાવના છે, ત્યારે તને એટલુંજ કહું છું કે અહીં વૈષ્ણવો થોડા છે માટે તેમાં વધારો થાય તો સારૂં; તો આજથી વૈષ્ણવ ધર્મના માણસ પાસેથી તારે કોઇ પણ જાતનો વેરો ન લેવો. એ વાત લોકોને જાહેર કરી દેવી. આ પ્રમાણે કર, એટલે એજ મારી ગુરૂદક્ષિણા હું માની લઇશ."

આટલેથી કથા અધૂરી મૂકી ૭ મું અવધાન આગળ ચલાવ્યું.

અવધાન ૭ મું.

મહાત્માશ્રીએ શેઠ ભગવાનદાસને કહ્યું કે તમે જે પાસાની રકમ બમણી કરેલી છે, તેમાં એકનો ઉમેરો કરો.

ત્યાર બાદ.

અવધાન ૮ મું.

મહારાજશ્રીએ પ્રોફેસર સાહેબને કહ્યું કે તમોને પહેલાં ૧ કરોડ ૨૩ લાખની રકમ સંભળાવેલી હતી તેની આગળ હવે ૪૫ હજાર ૬ સો ૭૯ મુકો.

એ આંકડા મહારાજશ્રીએ લખાવ્યા પછી તરતજ દશમો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૧૦ મું.

શેઠ ભુરાલાલ ભુવરજીભાઇએ પોતાની બંને મૂઠીમાં અમુક અમુક પૈસા રાખીને મહાત્માશ્રીને પૂછ્યું કે મારી બન્ને મૂઠીમાં કેટલા પૈસા છે, તે જણાવવા મહેરબાની કરશો. આ સવાલ સાંભળતાંની સાથેજ તે મહારાજશ્રીએ કહ્યું કે તમારી બન્ને મૂઠીમાં જે પૈસા છે, તે કાગળપર નોંધી લ્યો. જમણા હાથની મૂઠીમાં છે, તેના બમણા કરો અને ડાબા હાથની મૂઠીમાં છે, તેના ત્રણ ગણા કરો.

પછી અગ્યારમો સવાલ પૂછવામાં આવ્યો.

અવધાન ૧૧ મું.

શેઠ જેચંદ રવજીભાઇએ એક સંખ્યા કાગળમાં લખી રાખી હતી તેમાં એક આંકડો ગુપ્ત રાખ્યો હતો, તે આંકડો કહેવા માટે મહારાજશ્રીને પ્રશ્ન પૂછ્યો. મહારાજશ્રીએ કાગળપર લખેલી સંખ્યાનો ઉભો સરવાળો કરીને તે સરવાળો તે સંખ્યામાંથી બાદ કરવા કહ્યું.

તરતજ મહાત્માશ્રીને ૧૨ મો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૧૨ મું.

આ અવધાનમાં શ્રીયુત્ હરિલાલ કલ્યાણરાય માંકડ વકીલ સાહેબ તરફથી મહારાજશ્રીને કહેવામાં આવ્યું કે ગુજરાતીમાં પાશ્ચિમાત્ય સંસ્કૃતિ અને તેની હિંદુસ્થાન ઉપર તથા દુનિયા ઉપર સારી કે ખાડી અસર, તેમ પાશ્ચિમાત્ય સંસ્કૃતિ ઉત્તમ કે પૂર્વાત્ય સંસ્કૃતિ ઉત્તમ એ વિષય ઉપર નિબંધ આપો.

પ્રશ્ન સાંભળતાંજ મહારાજશ્રીએ નિબંધ લખાવવો શરૂ કર્યો.

પાશ્ચાત્ય સંસ્કૃતિનો પાયો મુખ્યત્વે જડ વસ્તુ ઉપર રચાયો છે, જ્યારે આર્યસંસ્કૃતિનો પાયો ચેતન ઉપર છે; એટલે કે તે આત્મા ઉપર મંડાયો છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ જડ વસ્તુનો ઉત્કર્ષ કરવાને જનસમુદાયને પ્રેરે છે, ત્યારે આર્યસંસ્કૃતિ ઐહિક અને પરલૌકિક ઉત્કર્ષ કરવાને પોષણ આપે છે. અલબત સામાન્ય લોકોની દ્રષ્ટિ જડનો ઉત્કર્ષ જોવા તરત લલચાય છે, પણ તે દ્રષ્ટિની ન્યૂનતા છે અને એ ન્યૂનતા પાશ્ચાત્ય સંસ્કૃતિમાં રહી ગઈ છે. જેથી પોતાથી વિરૂદ્ધ પ્રજાનો કઇ રીતે નાશ થાય, એનાં સાધનો યોજવામાં આવે છે. પરિણામે આજે એક પ્રજાનો તો કાલે બીજી પ્રજાનો નાશ થવા સંભવ છે. એજ પાશ્ચાત્ય સંસ્કૃતિની ખામી છે. આર્ય સંસ્કૃતિ આપણને એમ સમજાવે છે કે ગમે તેવો તમારો વિરોધી હોય તોપણ તેને તમારા ભાઇતુલ્ય અથવા આત્માતુલ્ય માનો.

आत्मवत सर्व भूतेषु परद्रव्येषु लोष्टवत् ।
मातृवत् परदारेषु यः पश्यति सः पश्यति ॥

અહીં સુધી નિબંધ લખાવવામાં આવતાં પાછું પહેલું અવધાન હાથમાં લેવામાં આવ્યું.

અવધાન ૧ લું.

શ્રીયુત વ્રજલાલભાઇએ પોતાના શ્લોકનું ત્રીજું ચરણ નીચે પ્રમાણે કહી સંભળાવ્યું:—

સાતમો અક્ષર स्या, ચોથો અક્ષર शा, પહેલો અક્ષર नि, છઠ્ઠો અક્ષર तः, પાંચમો અક્ષર श्व, બીજો અક્ષર त्ये, આઠમો અક્ષર णुः, ત્રીજો અક્ષર ष्व.

ઉપર્યુક્ત શ્લોકના આડાઅવળા અક્ષરો સંભળાવ્યા પછી પાછું ત્રીજું અવધાન આગળ ચાલૂ કર્યું.

અવધાન ૩ જું.

મહારાજશ્રીએ કોઠામાં નીચે મુજબ આંકડા પુરવા કહ્યું:—

અગ્યારમા કોઠામાં ૮, બારમા કોઠામાં ૧, તેરમા કોઠામાં ૪, ચૌદમા કોઠામાં ૫.

ઉપર પ્રમાણે આંકડા પુરવાનું કહી, પાછું બાકી રહેલું ૮ મું અવધાન હાથમાં લીધું.

અવધાન ૮ મું.

મહારાજશ્રીએ પ્રોફેસર સાહેબને પહેલાં મંડાવેલી ૧૨૩૪૫૬૭૯ એ સંખ્યાને ૫૪ થી ગુણવા કહ્યું.

ત્યારપછી તરતજ સાતમું અવધાન આગળ ચાલુ કર્યું.

અવધાન ૭ મું.

મહારાજશ્રીએ શેઠ ભગવાનદાસને ૫ ના આંકડાથી ગુણીને આવેલા ગુણાકારમાં બીજા પાસાનો નંબર ઉમેરવા કહ્યું અને એકંદર સંખ્યા કેટલી થઇ એ પૂછતાં શેઠ ભગવાનદાસે ૮૬ થઇ એમ જવાબ આપ્યો.

ત્યારબાદ એક આશ્ચર્યજનક પ્રયોગ શરૂ થયો અને તે વીંટી સંબંધે હતો.

અવધાન ૧૩ મું.

ચાર જણની મંડળીમાં એક વીંટી એક જણે એવી રીતે પહેરી હતી કે મહારાજશ્રી તે જોઇ શકે નહિ. આ પ્રશ્ન સંબંધે એમ પૂછવામાં આવ્યું કે આ ચાર જણ માંહેના કયા માણસે, કયા હાથની, કઇ આંગળીમાં, કયે વેઢે, વીંટી પહેરી છે? આ ચાર માણસની મંડળીમાં પહેલા શ્રીયુત્ પોપટલાલભાઈ, બીજા શ્રીયુત્ વૈકુંઠરાયભાઈ, ત્રીજા શ્રીયુત્ રામચંદ્રભાઇ અને ચોથા કાળીદાસભાઈ હતા.

ઉપરનો સવાલ શ્રીયુત્ વૈકુંઠરાયભાઇ સાહેબે પુછ્યો હતો. તે સવાલ સાંભળતાંજ મહારાજશ્રીએ નીચે પ્રમાણે ગણિત કરાવ્યું:—

જે નંબરના માણસે વીંટી પહેરી હોય તેને બમણા કરો, તેમાં પાંચ મેળવો અને જે આવે તેને પાંચ ગણા કરી તેમાં ૧૦ ઉમેરો.

એટલું થયા પછી

૧૪ થી ૧૭ સુધીનાં અવધાનો.

આ અવધાનોમાં ચાર ગૃહસ્થોએ આંકડા ધારવાનું કામ કર્યું હતું.

શ્રીયુત્ નૌતમલાલ ભવાનીશંકર ઢેબર.

,, રંગુપ્રસાદ લાભશંકર વસાવડા.

,, ધીરજલાલ રણછોડજી વૈશ્નવ.

,, હરિલાલ નરભેશંકર મારૂ.

ઉપરના ચાર ગૃહસ્થે પોતપોતાના કાગળ ઉપર ધારેલા આંકડા લખી રાખ્યા, કે તુરતજ મહારાજશ્રીએ તેનું નીચે પ્રમાણે ગણિત કરાવ્યું:—

પહેલા નંબરવાળાએ તથા બીજા નંબરવાળાએ પોતાના ધારેલા આંકડાને સાત ગણા કરવા અને તેમાં પહેલાએ ચાર ઉમેરવા અને બીજાએ અગ્યાર ઉમેરવા તથા તેને દશગણા કરી લેવા.

એટલું ગણિત કરાવ્યા પછી

અવધાન ૧૧ મું.

મહારાજશ્રીએ શેઠ જેચંદભાઇને કહ્યું કે તમે ઉભી સંખ્યાનો સરવાળો બાદ કરેલો છે, તો હવે જે સંખ્યા રહી છે તેમાંથી ગમે તે આંકડો ગુમ રાખી બાકીની રકમ કહો, ત્યારે શેઠ જેચંદભાઇએ ૪૫૨ ૬૮૮ એ આંકડો કહી સંભળાવ્યો.

તરતજ અવધાન ૧૮ મું શરૂ કર્યું.

અવધાન ૧૮ મું.

રા. રા. અમૃતલાલભાઇ મહેતા સાહેબે એક અંગ્રેજી વાક્ય આડાઅવળા શબ્દોમાં મહારાજશ્રીને કહી સંભળાવ્યું:—

ચોથું is, બીજું that, ત્રીજું glitters,

છઠ્ઠું gold, પહેલું all, પાંચમું not.

આ શબ્દો સાંભળી લીધા પછી અધૂરી મૂકેલી કથા ચાલુ કરી.

અવધાન ૨ જું.

(એક સાચા વૈષ્ણવની કથા આગળ ચાલૂ.)

ત્યારબાદ થોડાજ વખતમાં મહાત્માનું ત્યાંથી નિર્ગમન થયું. રાજાએ ગુરૂની આજ્ઞા પ્રમાણે તરતજ સાદ પડાવી દીધો કે વૈષ્ણવ પાસેથી વેરો લેવામાં આવશે નહિ. સાદ સાંભળતાંજ નગરમાં વિલક્ષણતા ઉત્પન્ન થઈ. રાજાએ પડાવેલો સાદ સાંભળીને ઘણા લોકો વૈષ્ણવ થવા લાગ્યા. કારણ કે વૈષ્ણવ થવામાં હાનિતો કાંઈ છે નહિ, પણ દરસાલ ૧૦૦—૫૦નો લાભ હતો. કોઇ પણ જાતનો વેરો ન આપવો પડે, ગમેતો ખેડુત હોય યા કોઇપણ હોય, તેઓ સર્વેએ રોકડા લાભ ઉપરજ ધ્યાન દીધું. ઉધાર લાભ ઉપર તેઓની દ્રષ્ટિ ક્યાંથી પહોંચે ? અને દેખીતો થતો લાભ છોડીને ઉધાર લાભની આશાએ બેસી રહે એવો કોણ ગાંડો હોય ? આતો રોકડો લાભ હતો અને તે મેળવવા માટે સાધનો પણ સુલભ હતાં ! કંઠી, તિલક, મંદિરમાં જવું, તથા શ્રી કૃષ્ણનું નામ લેવું. સૌએ કંઠી બાંધવાનું, તિલક તાણવાનું, મંદિરમાં જવાનું અને શ્રીકૃષ્ણનું નામ લેવાનો નિશ્ચય કર્યો. કારણકે વેરો આપવો ન પડે. તેથી રાજાના ગામના બધા લોકો તરત વૈષ્ણવ

થઇ ગયા અને જ્યારે ગામનાં બધાં સ્ત્રી, પુરૂષો વૈશ્ણવ થયાં ત્યારે વેરો તો ગુરૂઆજ્ઞા પ્રમાણે ન લેવાય. પરિણામ એ આવ્યું કે રાજાની તીજોરી ખાલી થતી ગઇ, પણ એ રાજા ધર્મનિષ્ઠ હતો. પોતાનું વચન પાળવાની તેની પ્રતિજ્ઞા હતી. આવી સ્થિતિમાં બે ત્રણ વરસ વીતી ગયાં. હવે તો રાજાની તીજોરીની બહુજ ખરાબ સ્થિતિ થઇ. આવક તદ્દન બંધ થઇ ગઇ, કારણકે રૈયત બધી વૈશ્ણવ બની ગઇ હતી. છેલ્લે ખરચમાં ઘટાડો કરવાનું રાજાએ શરૂ કર્યું. રાજાની સ્થિતિ બહુજ વિલક્ષણ થઇ. વેરો લેવાય તો ગુરૂની આજ્ઞાનો ભંગ થાય છે ને તે ન લેવાય તો પૈસા બાબત મુશ્કેલી નડે છે. આ બધી હકીકત ગુરૂજીના મન ઉપર મૂકી, તેમની કાંઇ આજ્ઞા માગીએ; પણ ગુરૂજીનો પત્તો નથી. તે પાછા અહીં કયારે પધારશે એની ખબર નથી. આવી સ્થિતિમાં તે હતો, છતાં પણ તેણે વચન ભંગ કર્યું નહિ. પોતાના વચનનો ભંગ ન કરવો, પોતાનું વચન પાળવું, એજ માણસનું ખરૂં જીવન છે. આ બાબતમાં એક એવું દૃષ્ટાંત છે કે, એક ગામમાં એક રાજા હતો, તે ફરતો ફરતો જંગલમાં ગયો. બહુ પરિશ્રમ થવાથી તે એક ઝાડ નીચે ગાદી તકીયો નખાવી વિશ્રાંતિ લેવા બેઠો. તે ઝાડ ઉપર એક કાગડો બેઠો હતો. રાજા આવ્યો, ત્યારથીજ તે કા કા કા કરતો હતો. રાજાના મનમાં તેનો શબ્દ સાંભળી બહુજ તિરસ્કાર આવ્યો. તેણે કાગડાને ઉડાડવાના ઘણા પ્રયત્ન કર્યા, છતાં તે ન ઉડ્યો. તેના શબ્દથી કંટાળો આવવાથી રાજાએ ઉપર જોયું. તેજ ક્ષણે રાજાને બગાસું આવ્યું, અને તેજ ક્ષણે કાગડાએ મળ વિસર્જન કર્યું. તે રાજાના મોઢામાં પડવાથી રાજાને બહુજ ગુસ્સો આવ્યો. તરતજ સેવકને તરવાર આણવાનો હુકમ કર્યો. હુકમ સાંભળી કાગડો શાન્તિથી ત્યાંજ બેઠો.

કારણકે કાગડો તો સમજી ગયો કે તરવારથી હું મરવાનો નથી. તરવાર અહીં સુધી પહોંચી શકશે નહિ. કાગડાએ કા કા શરૂ કર્યું. રાજાએ ધનુષ મંગાવી કાગડાને નીચે પાડયો અને કહ્યું કે: " હે કાગ ! તેં તારા કર્મનું ફળ ચાખ્યું ને ? બાણ કેવું વસમું લાગે છે ? "

તે સાંભળી કાગ કહેવા લાગ્યો: " હે રાજા !

બચન પલટે વે મુઆ,
કગા મુવા ન જાણ;
નામ લીઆ સમશેરકા,
માર્યા તીર કબાન.

તારી બહાદૂરી તો ત્યારેજ કહેવાત કે જો તેં મને સમશેરથી જ માર્યો હોત. હું તારા બાણથી મરૂં છું તેમાં શું ? પણ તું ક્યાં જીવતો છે ? તું બેઠો છે એટલે જીવતો છે એમ માનવાનું નથી. તેં તારૂં વચન પાળ્યું નથી, એટલે તું તો જીવતાંજ મૂએલો છે."

આ રાજા, ઉપરના દૃષ્ટાંતવાળા રાજા જેવો ન હતો. ગુરૂનું વચન ગમે તે જોખમે પાળવાનો નિશ્ચય હતો. ગમે તેટલી તકલીફ વેઠવી પડે તોપણ આપેલું વચન ન તોડવાની તેની પ્રતિજ્ઞા હતી. આવી પરિસ્થિતિમાં છ સાત વરસ વીતી ગયાં. ત્યારે એક દિવસે ફરી ગુરૂ શ્રી તે નગરે પધાર્યા.

આટલી કથા થયા પછી ૧૯ મો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૧૯ મું.

આ અવધાનમાં શેઠ ગિરધરદાસ હરજીભાઇએ મહારાજશ્રીને નીચેની ૬ રકમનો સરવાળો કરવાની માગણી કરી અને પ્રથમ તો

પોતે લખી રાખેલી રકમમાંથી નીચેની બે રકમ કહી સંભળાવીઃ—

૬૦૪૮, ૮૧૪૪.

ત્યારબાદ તરતજ ૨૦ મું અવધાન શરૂ થયું.

અવધાન ૨૦ મું.

રા. રા. એકાઉન્ટ ઓફીસર સાહેબ જગજીવનદાસ ભાઇએ " કર્મ બળવાન " એ વિષય ઉપર સંસ્કૃત શ્લોક લખાવવા મહારાજશ્રીને વિનતિ કરી. તરતજ મહારાજશ્રીએ નીચેની લીટી લખાવીઃ—

कर्मणां बलवत्त्वंतु निकाचित स्थितौ मतं ।

ત્યારબાદ બીજાં અવધાનો હાથમાં લેવાયાં.

૧૪ થી ૧૭ સુધીનાં અવધાનો.

મહારાજશ્રીએ કહ્યું કે ત્રીજા અને ચોથા નંબરવાળાએ જે આંકડા ધાર્યા હોય તેને આઠગણા કરવા અને તેમાં ત્રીજા નંબરવાળાએ ૧૨ મેળવવા અને ચોથા નંબરવાળાએ ૨૦ ઉમેરવા અને પછી બન્નેએ તેના ૧૦ ગણા કરવા.

એ ગણિત કરાવ્યા પછી ૧૩ મું અવધાન મહારાજશ્રીએ આગળ ચલાવ્યું.

અવધાન ૧૩ મું.

મહારાજશ્રીએ શ્રીયુત વૈકુંઠરાયભાઇને કહ્યું કે જે આંકડો આવ્યો હોય તેમાં વીંટી ડાબા હાથમાં હોયતો ૧ અને જમણા હાથમાં હોયતો ૨ મેળવો અને પછી દશગણા કરી જે આંગળીમાં હોય તે આંગળીનો નંબર મેળવી દો.

એ ગણિત કરાવ્યા પછી મહારાજશ્રીએ અવધાન ૧ લું આગળ ચાલુ કર્યું.

અવધાન ૧ લું.

શ્રીયુત વ્રજલાલભાઈએ પોતાના શ્લોકનું ચોથું ચરણ મહારાજશ્રીને કહી સંભળાવ્યું:—

પાંચમો અક્ષર न, પહેલો અક્ષર प, આઠમો અક્ષર नः,

ત્રીજો અક્ષર गा, છઠ્ઠો અક્ષર था, બીજો અક્ષર न्न,

ચોથો અક્ષર शा, સાતમો અક્ષર ह.

મહારાજશ્રીએ ઉપરના અક્ષરો સાંભળી લીધા પછી તરતજ ૨૧ મું અવધાન આરંભ્યું:—

અવધાન ૨૧ મું.

શ્રીયુત હરિલાલ પ્રભુલાલ છાયા વકીલ સાહેબે પોતાના જન્મનાં સંવત, માસ તથા વારની માગણી કરી.

મહારાજશ્રીએ નીચે પ્રમાણે ગણિત કરવા કહ્યું:—

જન્મના સંવત્ ઉપરના આંકડાને બમણા કરો. દાખલા તરીકે ૧૯૧૫ હોય તો ૧૫ ના બમણા કરવા. તેમાં ૫ ઉમેરો, તેને પાંચ ગણા કરો, તેમાં ૧૦ ઉમેરો અને તેને ૧૦ ગણા કરો.

એટલું થયા બાદ મહારાજશ્રીએ નિબંધ લખાવવો આગળ ચાલૂ કર્યો.

અવધાન ૧૨ મું.

હાલમાં આપણે બધા પાશ્ચાત્ય સંસ્કૃતિ ચર્મચક્ષુથી જોઈએ છીએ. આ બાબતમાં સ્વામિ આનંદઘનજી કહે છે કે:—

ચર્મ નયણે કરી માર્ગ જોતાંરે,
ભૂલ્યો સયત સંસાર;
જેણે નયણે કરી માર્ગ જોઈએરે,
નયણુ તે દિવ્ય વિચાર.

વસ્તુનું સ્વરૂપ તપાસવામાં કેટલીકવાર આપણે ચર્મ-ચક્ષુથી (બાહ્ય દૃષ્ટિથી) જોઇએ છીએ, પણ તેમાં ઘણીવાર ભૂલ થાય છે. વસ્તુનું ખરૂં તત્ત્વ જોવામાં દિવ્ય દૃષ્ટિનોજ ઉપયોગ થવો જોઇએ. પંડિતજીના સંસ્કૃત ભાષણમાં પણ એજ શંકા છે કે જ્યાં અધર્મ, અનીતિ, અને હિંસા જોવામાં આવે છે, ત્યાં સુખ અને સમૃદ્ધિ છે અને જેઓ ધર્મવાળા જોવામાં આવે છે તેઓ દુઃખી હોય છે, પણ ધર્મ અને સુખના બાહ્યસ્વરૂપને જોઇએ તોજ આ શંકા ઉદ્‌ભવે છે; પણ અંતર સ્વરૂપને જોઇએ તો તે શંકાને સ્થાન નથી. ચર્મચક્ષુથી જોનારા માત્ર ઐહિક લાભનેજ વળગી રહે છે.

આર્યશાસ્ત્રોએ આવી ભાવનાવાળાને દેખતો માણસ કહ્યો છે. આવા દેખતા માણસો જે સમાજમાં કે જે દેશમાં વધારે પ્રમાણમાં હોય છે, તે સમાજનો કે તે દેશનો ધર્મ ચીરસ્થાયી છે. તેથીજ આર્યભૂમિપર વસનારા લોકો ઉપર સંખ્યાબંધ પરદેશીઓના હુમલા થયા છતાં પણ તેમના અંતરમાં હજુ સુધી ધર્મભાવના રહી છે. પાશ્ચાત્ય લોકોના જેવી જડમોહતા થઇ નથી એ આર્ય સંસ્કૃતિની ખુબી છે. ગાંધી અને શૌકતઅલી જેવાના મનમાં આર્ય સંસ્કૃતિને બદલે પાશ્ચાત્ય સંસ્કૃતિઓએ સ્થાન મેળવ્યું હોત તો હિંદુસ્થાનમાં આજે જે શાન્તિ અનુભવાય છે, તે ન હોત.

નિબંધ પૂરો થયા પછી ૨૨ મું અવધાન શરૂ કરવામાં આવ્યું.

અવધાન ૨૨ મું.

ઉર્દુ મદ્રેસાના પ્રિન્સીપાલ સાહેબ શ્રીયુત્ બુરાનુદ્દીન ઉરેઝી સાહેબે અરબી ભાષાના વાકયના નીચે પ્રમાણે આડાઅવળા શબ્દો ગોઠવી તે મહારાજશ્રીને કહી સંભળાવ્યાઃ—

પાંચમો શબ્દ નેઅમતે, પહેલો શબ્દ યા, ત્રીજો શબ્દ ઇસરાઇ, છઠ્ઠો શબ્દ યલ્લતો, બીજો શબ્દ બની, ચોથો શબ્દ લઝકુર.

મહારાજશ્રીએ ઉપરના શબ્દો સાંભળ્યા પછી ૨૩ મું અવધાન શરૂ થયું.

અવધાન ૨૩ મું.

રા. રા. દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ શેઠ સાહેબે પોતાનો નીચેનો પ્રશ્ન મહારાજશ્રી આગળ રજુ કર્યો:—

એક સોદાગરને ચાર પુત્ર હતા. તેણે પોતાની પાસેના બધા ઘોડાઓ પોતાના દીકરાને નીચે પ્રમાણે વહેંચી આપ્યા:—

પહેલાને ૧૫ ઘોડા, બીજાને ૩૦ ઘોડા, ત્રીજાને ૪૫ ઘોડા, અને ચોથાને ૬૦ ઘોડા, એ પ્રમાણે ઘોડા વહેંચ્યા. એ વહેંચણી સૌ ભાઇઓને વિષમ લાગી. બાપે એમ કહ્યું હતું કે તમે બધા ઘોડા એકજ ભાવે વેચશો તોપણ કિંમત બધાને સરખી મળશે. હવે કેવી રીતે વેચતાં બધાને સરખી કિંમત મળે? એ અમને જાણવાની ઉત્કંઠા છે.

એ સાંભળી મહારાજશ્રીએ તરત જવાબ આપ્યો કે બધા ઘોડાઓ બે વખત વેચી નાખવાથી એનો નિકાલ સંતોષકારક આવશે અને તેઓશ્રીએ દરેક ઘોડાની કિંમત રૂા. ૧૨૫) બજાર ભાવ પ્રમાણે ઠરાવી. નીચે મુજબ ઘોડા વેચવા કહ્યું:—બજારભાવે અત્યારે ઘોડાની કિંમત ૧૨૫) રૂપીઆ છે.

૧૫ ઘોડામાંથી ૮ વેચ્યા (દર ઘોડે રૂા. ૧૨૫) મુજબ) રૂ. ૧૦૦૦) ઉપજ્યા.
૩૦ ઘોડામાંથી ૨૪ „ („ રૂા. „ „) રૂ. ૩૦૦૦) „
૪૫ ઘોડામાંથી ૪૦ „ („ રૂા. „ „) રૂ. ૫૦૦૦) „
૬૦ ઘોડામાંથી ૫૬ „ („ રૂા. „ „) રૂ. ૭૦૦૦) „

એ પ્રમાણે ઘોડા વેચતાં દરેકને રકમ આવી અને પહેલા પાસે ૭, બીજા પાસે ૬, ત્રીજા પાસે ૫ અને ચોથા પાસે ૪ ઘોડા શિલ્લક રહ્યા.

ઉપરનું ગણિત અહીં સુધી આવ્યા પછી ૨૪ મું અવધાન શરૂ થયું.

અવધાન ૨૪ મું.

પોરબંદર તાલુકા સ્કૂલના હેડ માસ્તર રા. રા. જગજીવન કાલિદાસ પાઠકે નીચેના હરિગીત છંદનું ચોથું ચરણ સંભળાવ્યું અને તેની પાદપૂર્તિ કરવા માગણી કરીઃ—

શશીને નિહાળી અબ્ધિ આ એ કારણે ઉછળ્યા કરે.

ઉપરનું ચરણ સાંભળતાંજ મહારાજશ્રીએ નીચે પ્રમાણે પાદપૂર્તિ કરીઃ—

હરિગીત છંદ.

પશુ, પક્ષી, પ્રાણી માનવોનો નિત્ય એજ સ્વભાવ છે,
રહે છે સદા એકમેક તે જ્યાં જન્ય જનક ભાવ છે;
અબ્ધિ પિતા, સુત ચંદ્રમા, માને પુરાણો એ ખરે,
શશીને નિહાળી અબ્ધિ આ એ કારણે ઉછળ્યા કરે.

એ પ્રમાણે પાદપૂર્તિ કર્યા પછી મહારાજશ્રીએ ૧૩ મું અવધાન આગળ ચલાવ્યું.

અવધાન ૧૩ મું.

મહારાજશ્રીએ શ્રી વૈકુંઠરાયભાઇને આવેલી સંખ્યામાં જે વેઢામાં વીંટી નાંખી છે, તે વેઢાનો નંબર આગળ મૂકી દેવા કહ્યું અને છેલ્લી સંખ્યા પૂછતાં જણાવવામાં આવ્યું કે તે ૭૭૪૩ છે.

એ સંખ્યા સાંભળ્યા પછી મહારાજશ્રીએ ૨૧ મા અવધાનનું કામ હાથમાં લીધું.

અવધાન ૨૧ મું.

મહારાજશ્રીએ શ્રીયુત હરિલાલભાઇને કહ્યું કે આવેલી સંખ્યામાં મહિનાનો નંબર મેળવી દશગણા કરો, તેમાં વારની સંખ્યા મેળવો. કાર્તિક માસ હોય તો એક ગણવો અને આસો માસ હોય તો ૧૨ ગણવા. એ અનુક્રમ પ્રમાણે સોમવાર હોય તો એક અને રવિવાર હોય તો સાત ગણવા. એ પ્રમાણે વારનો નંબર સમજવાનો છે. એ પ્રમાણે ગણિત કહ્યા પછી મહારાજશ્રીએ છેલ્લી રકમ કહેવા કહ્યું. તેના જવાબમાં શ્રીયુત હરિલાલભાઇએ ૫૦૬૦૩ નો આંકડો સંભળાવ્યો.

એ ગણિતનો આંક મહારાજશ્રીએ સાંભળ્યા પછી ૧૯ મું અવધાન આગળ ચાલ્યું.

અવધાન ૧૯ મું.

શેઠ ગિરધર હરજીભાઇએ નીચેની ૪ રકમો મહારાજશ્રીને કહી સંભળાવીઃ—

૧૦૨૪૦, ૧૨૭૩૬, ૧૪૪૩૨, ૧૬૫૨૮.

ત્યારબાદ ૧૪ થી ૧૭ સુધીનાં અવધાનોનું કાર્ય આગળ ચાલ્યું.

૧૪ થી ૧૭ સુધીનાં અવધાનો.

મહારાજશ્રીએ કહ્યું કે પહેલા અને બીજાએ આવેલી રકમને ૧૪ થી ભાગી નાખવી અને ૩ જા તથા ૪ થાએ ૧૬ થી ભાગી નાખવી. બાકી જે શેષ રહેલી હોય, તેને ૧ લા તથા ૨ જાએ ૧૦થી ગુણવા અને ૩ જા તથા ૪ થાએ ૧૫ થી ગુણવા અને આવેલો જવાબ સૌ સૌએ કાગળમાં લખી રાખવો.

એ ગણિત પછી ૨૦ મા અવધાનનું કામ મહારાજશ્રીએ આગળ ચલાવ્યું.

અવધાન ૨૦ મું.

મહારાજશ્રીએ કર્મની બલવત્તા ઉપર ઉત્તરાર્ધ લખવા કહ્યું:–

शैथिल्येन बलवत्वमन्यथा विफलं तपः ॥ १ ॥

એ ચરણ લખાવ્યા પછી ૨૩ મું અવધાન આગળ ચલાવ્યું.

અવધાન ૨૩ મું.

મહારાજશ્રીએ દેવીદાસ શેઠને કહ્યું કે, ઘોડાનો ભાવ અત્યારે તેજ હોવાથી દરેક ઘોડાની કીંમત હવે ૨૦૦૦) રૂપીઆ આવે છે. એટલે બાકી રહેલા ઘોડા તે ભાવે વેચી નાંખવા.

કિંમત ઉપજ.

૧ લા	પાસે ૭ ઘોડા હતા	તે વેચતાં (દર ઘોડે રૂ.૨૦૦૦)મુ૦)	=રૂ.૧૪૦૦૦
૨ જા	,, ૬ ઘોડા હતા	તે વેચતાં (,, ,, ,, ,,)	=રૂ.૧૨૦૦૦)
૩ જા	,, ૫ ઘોડા હતા	તે વેચતાં (,, ,, ,, ,,)	=રૂ.૧૦૦૦૦)
૪ થા	,, ૪ ઘોડા હતા	તે વેચતાં (,, ,, ,, ,,)	=રૂ. ૮૦૦૦)

પહેલાં આવેલી ઉપજ અને હાલ આવેલી ઉપજનો સરવાળો કરતાં દરેકને ૧૫૦૦૦) રૂપીઆ મળશે. એટલે હવે ભાઇઓને તકરારનું કારણ ન રહ્યું.

એ પ્રશ્નનું આ પ્રમાણે નિરાકરણ થયા પછી મહારાજશ્રીએ અવધાન ૨ જું આગળ ચલાવ્યું.

અવધાન ૨ જું.

(એક સાચા વૈશ્નવની કથા આગળ ચાલુ.)

સાત વરસ વીતી ગયાં બાદ ગુરૂ મહારાજ ફરીથી પાછા

પધાર્યા. રાજા ખબર મળતાંજ તેમનાં દર્શન કરવા ગયો અને ગુરૂશ્રીને ચરણે નમન કરીને સન્મુખ બેઠો. ગુરૂશ્રીએ પૂછ્યું: "કેમ આનંદ છે ને?" જવાબમાં રાજાએ કહ્યું: "ઠીક છે." ગુરૂશ્રીએ પૂછ્યું: "પણ તારા ચહેરા ઉપરથી કાંઇક તારા મનમાં ચિંતા હોય એમ લાગે છે. શરીરતો સુખી છેને? કુટુંબમાં સૌ ક્ષેમકુશળ છે?" રાજાએ પ્રત્યુત્તર આપ્યો: "સૌ કુશળ છે, મને બીજી કાંઇ ચિંતા નથી પણ આપના નિર્ગમન પછી એક વિલક્ષણ બનાવ બન્યો છે, તેથી મારા મનમાં ચિન્તા રહ્યા કરે છે. આપે ફરમાવ્યું હતું કે વૈશ્ણવ પાસેથી વેરો ન લેવો. તે પ્રમાણે સાદ પડાવતાં ચાર–છ માસની અંદર મારી પ્રજામાંના લગભગ બધા માણુસો વૈશ્ણવ થઇ ગયા. દરેક મનુષ્ય મંદિરમાં જાય છે અને કંઠી ધારણ કરે છે. સૌ એકબીજાને જેશ્રીકૃષ્ણ કહીને બોલાવે છે. પરિણામ એ આવ્યું કે ઉપજમાં ઘટાડો થયો. બેચાર વરસ તો ચલાવ્યાં, પણ હવે તીજોરી તદ્દન ખાલી થઇ ગઈ અને તેને લીધે માણુસો ઓછાં કરવાં પડયાં છે." ગુરૂશ્રીએ રાજાની હકીકત સાંભળી કહ્યું: "તે વિષે યોગ્ય ગોઠવણ થઇ જશે. તારે આવતી કાલે મેદાનમાં એક લોઢાની ઘાણી તૈયાર કરાવવી અને સૌ વૈશ્ણવોને ૧૦ વાગે ત્યાં બોલાવવા." રાજાએ ગુરૂશ્રીની આજ્ઞા પ્રમાણે બધી ગોઠવણ કરી અને સર્વેએ ગુરૂશ્રીના દર્શન માટે આવતી કાલે ૧૦ વાગે આવવું એવો સાદ પડાવ્યો. બીજે દહાડે સવારે દસ વાગ્યા પહેલાંજ નિયત કરેલી જગ્યા ઉપર ગામના તમામ વૈશ્ણવો એકત્ર થયા. કારણકે તેઓને આશા હતી કે પહેલી વેળા ગુરૂ મહારાજ પધાર્યા હતા, ત્યારે વૈશ્ણવ ઉપરનો વેરો તદ્દન માફ કરવામાં આવ્યો હતો; તો વળી હવે બીજો કાંઇ વધારે ફાયદો થાય એમ લાગે છે. ગુરૂશ્રીએ વૈશ્ણવોનો મોટો સમાજ

જોઇને આનંદ પ્રદર્શીત કર્યો. ગુરૂશ્રીએ કહ્યું: " રાજા ! તારૂં ધન્ય-ભાગ્ય કે તારી નગરીમાં આટલા બધા વૈશ્ણુવો છે." પછી સર્વ વૈશ્ણુવોને ઉદ્દેશીને ગુરૂશ્રીએ કહ્યું: " ભક્તજનો ! ભગવાનના દરબારમાંથી ભગતિયા તેલની માગણી થઇ છે અને તેટલા માટે આ ઘાણીની અહીં ગોઠવણુ કરવામાં આવી છે. ભક્તજનોનું તેલ શ્રી વિષ્ણુ ભગવાન માટે જોઇએ છે, તો આ ઘાણીમાં પીલીને તમારૂં તેલ કાઢવા આપશો એવી આશા છે." એ ગુરૂ મહારાજનું કથન સાંભળતાંજ સૌ દિગ્મૂઢ બની ગયા ! સૌ પહેલાં ગુરૂ મહારાજે નગરશેઠ ફતેહચંદને પૂછ્યું: " તમે વૈષ્ણુવ છોને ?" આ સાંભળતાં શેઠના હોશકોશ ઉડી ગયા; હવે શું કરવું, એ વિષે વિચાર કરતાં એક યુક્તિ સૂઝી આવી. તે એ કે મોઢામાંથી થુંક લઈ કપાળે કરેલું તિલક ભુંસી નાંખ્યું ને કંઠી તોડી નાખીને જવાબ આપ્યો: " મહારાજ ! હું વૈષ્ણુવ નથી." " ત્યારે અહીં શું કામ આવ્યા છો ? જાઓ, બહાર." શેઠ ઉઠી ચાલતા થયા. સભામાં આવેલા સૌ કોઇએ નગરશેઠનું અનુકરણ કર્યું. હજારો લોકોના સમાજમાંથી એક પણ સાચો વૈષ્ણુવ નીકળ્યો નહિ. બધાએ પોતાના કપાળ ઉપરનાં તિલક ભુંસી નાંખ્યાં. પોતાનું બળિદાન કોણ આપી શકે ? ગુરૂજીએ સૌને બહાર લઇ જવા અને જાપ્તામાં રાખવાની આજ્ઞા કરી. આખા સમાજમાંથી ફક્ત એકજ માણુસ નીકળ્યો અને તે આગળ આવીને કહેવા લાગ્યો: " ગુરૂ મહારાજ, હું વૈષ્ણુવ છું." " તો ઘાણીમાં પડવું પડશે." " ગુરૂ મહારાજ, મારા શરીરનું તેલ ભગવાનના કામમાં આવે તો મારા જેવો બીજો ભાગ્યશાળી કોણુ ? હું પોતે ઘાણીમાં પડવા તૈયાર છું. મારૂં અહોભાગ્ય કે મારા દેહનો ઉપયોગ શ્રી મહા વિષ્ણુ ભગવાનના કાર્ય માટે થાય છે." તે વૈષ્ણુવ ઘાણી

પાસે ગયો અને ઘાણીની અંદર પડ્યો. મહારાજશ્રીએ તે વૈષ્ણવને કોઇપણ જાતની ઇજા ન થાય એવા રીતે થોડીવાર ઘાણી ચલાવીને ઘાણી બંધ કરી. તે વૈષ્ણવને બહાર કાઢ્યો. જે વખતે વૈષ્ણવ ઘાણીમાં પડ્યો હતો, તે વેળા તેનો ચહેરો પ્રફુલ્લિત હતો, પણ બહાર નીકળતી વેળા તો તેનો ચેહેરો મ્લાન જોવામાં આવ્યો. તેણે બહાર આવતાંની સાથેજ ગુરૂમહારાજને પ્રશ્ન કર્યો: "કેમ, મહારાજ, શું હું પાપી છું? આપે મારૂં તેલ કેમ ન કહાડ્યું? શું મારૂં તેલ તે શ્રીકૃષ્ણ ભગવાનને ખપે નહિ? શું મેં કાંઈ અપરાધ કર્યો છે, કે આવી તક મને ન મળી?" ગુરૂએ કહ્યું: "તું લાયક છે, અધિકારી છે, તારી પરીક્ષા થઇ ચુકી." પછી રાજાને કહ્યું: "હે રાજા! ભગવાનને તેલની જરૂર ન હતી, પણ મારે સાચા વૈષ્ણવ કેટલા છે, એજ જોવાનું હતું. હે રાજન્! આ એકજ સાચો વૈષ્ણવ છે. વૈષ્ણવ નબળા ન હોય.

વૈષ્ણવ જન તો તેને રે કહીએ,
    જે પીડ પરાઇ જાણે રે;
પર ઉપકાર કરે જે નિત્યે,
    મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ૦

સકળ લોકમાં સૌને વંદે,
    નિંદા ન કરે કેની રે;
સમદૃષ્ટિ જે તૃષ્ણા ત્યાગી,
    પરસ્ત્રી જેને માતા રે. વૈષ્ણવ૦

જીહ્વા થકી જે અસત્ય ન બોલે,
    પરધન ઝાલે ન હાથે રે;

વાચ કાચ્છ મન નિશ્ચલ રાખે,
ધન્ય ધન્ય જનુની તેની રે. વૈષ્ણુવ૦

મોહ માયા વ્યાપે નહિ જેને,
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામસુ તાલી રે લાગી,
સકળ તીર્થ તેના તનમાં રે. વૈષ્ણુવ૦

વણુ લોભીને કપટ રહિત છે,
કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં,
કુળ એકોતેર તાર્યા રે. વૈષ્ણુવ૦

હે રાજા ! એને વૈષ્ણુવ કહીએ. તારા રાજ્યના દસ વીસ હજારમાંથી સાચો વૈષ્ણુવ માત્ર એકજ નીકળ્યો છે. તિલક કરી, કંઠી પહેરી, મંદિરમાં ગયા તેથી શું ? એ વૈષ્ણુવપણું નથી. એતો વૈષ્ણુવના નામને ઉલટો કલંકિત કરે છે. જેના હૃદયમાં ખરી શ્રદ્ધા નથી, તેનો ઉપરનો ભપકો નકામો છે. આવા ઢાંગી અને ખોટા વૈષ્ણુવો પાસેથી દંડ લઇ તું તારો ખજાનો ભરી દે. કારણુકે આ લોકોએ તને છેતર્યો છે. માળા ફેરવે, તિલક લગાવે, મંદિરમાં જાય તેજ ધર્મી છે એમ નહિ, પણુ જેના હૃદયમાં ધર્મ છે તે ધર્મી." આજે શાસ્ત્રીજીએ પણુ એજ શંકા પૂછી કે આંહી દુઃખ કેમ ? યૂરોપ, અમેરિકા, આફ્રિકા વિગેરે દેશનાં લોકો સુખી અને આપણે દુઃખી કેમ ? કારણુ એજ કે કપાળ ઉપર અને જીભ ઉપર જે છે તે હૃદયમાં નથી.

ત્યારપછી ૧૦ મું અવધાન મહારાજશ્રીએ આગળ ચલાવ્યું.

અવધાન ૧૦ મું.

મહારાજશ્રીએ શેઠ ભુરાલાલભાઇને તેના બન્ને હાથમાંના પૈસા બાબતમાં જે ગણિત કરાવ્યું હતું અને જે આંકડા આવ્યા હતા, તેનો સરવાળો કરવા કહ્યું. સરવાળો થયા બાદ છેલ્લી સંખ્યા પૂછતાં તે ૨૭ કહેવામાં આવી.

આ પ્રશ્ન પૂરો થયાની સાથે લગભગ બે કલાક ઉપર વખત થઇ જવાથી હવે મહારાજશ્રીને વધારે શ્રમ આપવાનું ઉચિત નહિ લાગવાથી નવા પ્રશ્નો પૂછવાનું કામ બંધ કરી પૂછાએલા પ્રશ્નોના જવાબો આપવા માટે મહારાજશ્રીને વિનંતિ કરી.

અવધાનોના જવાબો.

પૂછાએલા પ્રશ્નોના મહારાજશ્રીએ નીચે પ્રમાણે જવાબો આપ્યાઃ—

અવધાન ૧ લું—શ્રીયુત્ વ્રજલાલભાઇએ જે સ્વકપોલ કલ્પિત સંસ્કૃત શ્લોકનાં ચાર ચારણોના અક્ષરો જુદી જુદી વખતે આડા-અવળા કહેલા હતા, તેનું મહારાજશ્રીએ સંયુક્ત સ્વરૂપ તૈયાર કરીને હૃદયમાં જે સંગ્રહી રાખ્યું હતું તે હવે પોતાની વાણીદ્વારા અસ્ખલિત રીતે ક્રમસર બહાર કાઢ્યું:—

परिप्लुवे तु संसारे, परिवर्ताः परिप्लवाः ।
नित्येश्च शाश्वतः स्थाणुः, पन्नगाशन वाहनः ॥

એ શ્લોક બરાબર છે, એમ વ્રજલાલભાઇએ કહેતાંજ સૌ આનંદ અને આશ્ચર્યથી દિગ્મૂઢ થઇ ગયા અને તાળીઓથી મહારાજશ્રીને વધાવી લીધા. પણ જૈન ધર્મમાં તાલિવાદનની પ્રથા ન હોવાથી તરતજ તાળીઓનો અવાજ બંધ કરાવાયો અને એવી

તાળીઓ હવેથી ન પાડવાની દેવીદાસ શેઠે વિનતિ કરવાથી તે પ્રમાણે છેલ્લે સુધી સૌએ શાન્તિ જાળવી રાખી.

અવધાન ૨ જું—એક સાચા વૈશ્યુવની કથા, કે જે અવધાન દરમિયાન પૂરી કરવામાં આવી છે અને જે ઉપર સમાઈ ગઇ છે.

અવધાન ૩ જું—સોળ કોઠાનો યંત્ર મહારાજશ્રીએ ગોઠવી આપ્યો કે જેનો બધી તરફથી ગણતાં સરવાળો ૯૭૫ આવે છે, તે નીચે મુજબઃ—

૪૭૯	૪૮૭	૨	૭
૬	૩	૪૮૪	૪૮૨
૪૮૬	૪૮૦	૮	૧
૪	૫	૪૮૧	૪૮૫

અવધાન ૪ થું—શ્રીયુત હરજીવનભાઇએ અવળાસવળા શબ્દોનું જે સંસ્કૃત વાક્ય પૂછ્યું હતું, તે મહારાજશ્રીએ નીચે પ્રમાણે કહ્યુંઃ—

जितं जगत् तेन मनो हि येन ।

અવધાન ૫ મું—શ્રીયુત મયાશંકરભાઇએ ૧૭૬૨ ની સાલના

જુન માસની ૧૫ મી તારીખે કયો વાર હતો એ માગણી કરી હતી. તેના જવાબમાં મહારાજશ્રીએ "શુક્રવાર" હતો એવો જવાબ આપ્યો, ત્યારે સૌ અજાયબ થઇ ગયા.

અવધાન ૬ ઠું—ચોસઠ પાનાંની થોકડીનો જવાબ આપતાં મહારાજશ્રીએ કહ્યું કે નીચેના દાણાનો સરવાળો ૪૭ થાય છે.

અવધાન ૭ મું—પાસા માટે મહારાજશ્રીએ શેઠ ભગવાનદાસને જણાવ્યું કે તમારા પાસા પૈકી પહેલાના દાણા ૬ છે અને બીજાનો દાણો ૧ છે.

અવધાન ૮ મું—પ્રોફેસર સાહેબને મહારાજશ્રીએ જણાવ્યું કે આવેલી રકમનો ગુણાકાર ૬૬૬૬૬૬૬૬૬ થાય છે અને તે પ્રોફેસર સાહેબે કબુલ કર્યો.

અવધાન ૯ મું—સંસ્કૃતમાં પંડિતજી સાથે વાતચીત અવધાનમાં જ થઇ છે, જે ઉપર લખાઈ ગઈ છે.

અવધાન ૧૦ મું—શેઠ ભુરાલાલ ભુધરજીને મહારાજશ્રીએ કહ્યું કે તમારા જમણા હાથમાં બેકી છે અને ડાબા હાથમાં એકી છે; એટલે જમણા હાથમાં ૬ પૈસા અને ડાબા હાથમાં ૫ પૈસા છે.

અવધાન ૧૧ મું—ગુપ્ત રાખેલો આંકડો મહારાજશ્રીએ કહી સંભળાવ્યો કે તે "૩" છે. એટલે કે તમે કાગળ ઉપર લખેલી સંખ્યા ૪૫૨(૩)૭૧૯ છે, અને તે સંખ્યાનો ઉભો સરવાળો કરી તે સરવાળાની રકમ ૩૧ તેમાંથી બાદ કરતાં બાકી ૪૫૨ (૩)૬૮૮ જવાબ આવ્યો. તે જવાબની સંખ્યામાંથી ૩ નો આંક ગુપ્ત રાખેલો છે.

અવધાન ૧૨ મું—શ્રીયુત હરિલાલભાઇએ માગેલો નિબંધ અવધાન દરમિયાન કકડે કકડે લખાવ્યો છે. જે ઉપર આવી ગયો છે.

અવધાન ૧૩ મું—વીંટી બાબતના પ્રશ્નનો જવાબ આપતાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમારા ચાર જણમાંના ચોથા માણસે જમણા હાથની ચોથી આંગળીના ત્રીજા વેઢામાં વીંટી પહેરી છે.

અવધાન ૧૪ થી ૧૭—ચારે જણાએ જુદા જુદા આંક (૧, ૨, ૩, ૪) ધારેલા હતા. છતાં સૌનો છેલ્લો જવાબ એકજ છે, એમ મહારાજશ્રીએ કહ્યું અને સૌએ તે પ્રમાણે કબુલ કર્યું. તે જવાબ ૧૨૦ હતો.

અવધાન ૧૮ મું—રા. રા. અમ્રતલાલભાઈ સર ન્યાયાધીશ સાહેબે અંગ્રેજી ભાષામાં સંભળાવેલા જુદા જુદા શબ્દો ઉપરથી એક સંયુક્ત વાકય બનાવી મહારાજશ્રીએ કહ્યું કે:—

All that glitters is not gold.

અવધાન ૧૯ મું—શેઠ ગિરધર હરજીભાઇએ બે વખતે આપેલી જુદી જુદી ૬ રકમનો સરવાળો મહારાજશ્રીએ ૬૭૭૨૮ છે એમ કહ્યું, અને તે સરવાળો બરાબર હતો.

અવધાન ૨૦ મું—"કર્મ બળવાન" એ વિષય ઉપર રા. રા. જગજીવનભાઇએ માગેલો સંસ્કૃત શ્લોક નીચે પ્રમાણે:—

कर्मणां बलवत्वं तु निकाचित स्थितौ मतं ।
शैथिल्येन बलवत्व मन्यथा विफलं तपः ॥

એટલે કર્મ બળવાન છે, તે ખરૂં પણ તે નિકાચિત્–કર્મની સ્થિતિના સંબંધમાં છે. કર્મ બે પ્રકારનાં છે, એક નિકાચિત્ અને બીજું શિથિલ. નિકાચિત્ કર્મના બંધનમાં કાંઇ પણ ફેરફાર થતો નથી. તે ભોગવવું જ પડે છે, પણ શિથિલ કર્મના બંધનમાં ફેર-

કાર થઇ શકે છે. પુરૂષાર્થ બળવાન છે અને તે શિથિલ કર્મને જ લાગુ પડે છે. તેમ ન હોય તો તપ, ધ્યાન, વિગેરે નિષ્ફળ જ થઈ જાય.

અવધાન ૨૧ મું—શ્રીયુત હરિલાલભાઇને મહારાજશ્રીએ જણાવ્યું કે સંવત્ ૧૯૪૭, શ્રાવણ માસ, શુક્લપક્ષ, ૧ ને બુધવારને દિવસે તમારો જન્મ થએલો છે.

અવધાન ૨૨ મું—મદ્રેસાના પ્રિન્સીપાલ સાહેબે અરબી ભાષામાં પૂછેલો શબ્દ–સમૂહ મહારાજશ્રીએ નીચે પ્રમાણે ગોઠવી કહી સંભળાવ્યો:—

યા બની ઇસરાઈલ લઝકુર
નેઅમતે યલ્લતી.

અવધાન ૨૩ મું—ઘોડાની વહેંચણી બરાબર થઇ અને દરેકને રૂ. ૧૫૦૦૦) મળ્યા.

અવધાન ૨૪ મું—તાલુકા સ્કૂલના માસ્તર શ્રીમાન્ જગજીવન કાલિદાસ પાઠકે પૂછેલી પાદપૂર્તિ તો તરતજ પૂરવામાં આવી હતી, તે ઉપર લખાઈ ગઈ છે. તેમણે એ પાદપૂર્તિ સાંભળતાં, સમીપમાં ઉછાળા મારતા સાગરને જોઈ, પોતે નવીન આપેલા ચોથા ચરણને તાત્કાલિક, સુંદર અને સુસંબંધિત પાદપૂર્તિ કરવા માટે મહારાજશ્રીની અસાધારણ પ્રતિભાની પ્રશંસા કરી હતી.

ઉપર પ્રમાણે પૂછેલાં સર્વ અવધાનોના સવાલોના પૂરેપૂરા અને બરાબર જવાબ મહારાજશ્રીએ આપેલા હોવાથી સૌ ઘણાજ આનંદિત થયા હતા.

જુદાં જુદાં વિવેચનો.

—:o:—

અવધાનક્રિયા પૂરી થઇ ત્યારે ૧૧ વાગ્યાનો સમય થયો હતો. અવધાનક્રિયાની સમાપ્તિ થતાંજ રા. રા. મુરબ્બી ભાઇશ્રી અમૃતલાલભાઇ તથા મહેતા સાહેબે મહારાજશ્રીનો ઉપકાર માન્યો અને તે સાથે જ મહારાજશ્રીમાં વસતા સદ્ગુણોની યોગ્ય શબ્દોમાં સ્તુતિ કરી, અને જૈનધર્મી ગુરૂઓમાં મહારાજશ્રી જેવા પ્રતિભાસંપન્ન, ઉદ્યમશીલ, ધર્મપરાયણ અને ન્યાયનિપુણ મુનિશ્રીઓ છે, એ ખરેખર ભૂષણરૂપ છે. મહારાજશ્રીએ પોતાના અમૂલ્ય વખતનો આપણા માટે ભોગ આપ્યો છે અને તેઓશ્રીએ આપણને આનંદ થાય તે માટે અત્યાનંદથી અવધાનક્રિયાનો શ્રમ વેઠ્યો છે. તે માટે સૌ તરફથી મહારાજશ્રીનો તેઓશ્રીએ ફરીથી આભાર માન્યો હતો.

ત્યારપછી મુંબઈમાં પ્રગટ થતા "ભારતસેવા" પત્રના અધિપતિ શ્રીયુત ભાઇશ્રી હરજીવન કાલિદાસ મહેતાને બે શબ્દો બોલવાનો આગ્રહ થતાં તેમણે કહ્યું કે:—

પૂજ્ય મુનિમહારાજ જેવા વિદ્વાન્ પુરૂષની હાજરીમાં બોલવા ઉભા થવું એ એક ધૃષ્ટતા બતાવવા જેવું કહેવાય, તે માટે હું આજની સભામાં કંઈ બોલવા ઇચ્છતો ન હતો; પરંતુ મહારાજશ્રીએ જ આજે આપણને કહ્યું છે કે શિષ્યવર્ગના માણસોએ ગુરૂવરોની આજ્ઞા માનવી જોઇએ, કારણકે ગુરૂવરોની આજ્ઞામાં હિત જ હોય છે. તેઓ કદી નકામી આજ્ઞા આપતા નથી. માટે જ કહેવામાં આવ્યું છે કે **आज्ञा गुरुणाम विचारणीया**, એ સૂત્રને માન આપીને હું ઉભો

થયો છું. વખત વધારે થયો છે, માટે હું માત્ર એકજ બાબતપર થોડી મિનિટ બોલીશ અને તે એજ કે મહારાજશ્રીએ જે અવધાનો આપણી સમક્ષ કરી બતાવ્યાં છે, તે શું સૂચવે છે? આપણે તેમાંથી શું શીખવાનું છે? પાશ્ચિમાત્ય સંસ્કૃતિ જડવાદ તરફ ઢળેલી છે અને પૌર્વાત્ય સંસ્કૃતિ અધ્યાત્મવાદ તરફ ઢળેલી છે. જડવાદના અભ્યાસીઓ પુનર્જન્મ માનતા નથી, પણ વંશપરંપરાના નિયમો માને છે. આપણે પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસીઓ પુનર્જન્મ માનીએ છીએ અને આવાં અવધાનો પુનર્જન્મના સિદ્ધાન્તોને ટેકો આપે છે. મહારાજશ્રીએ જે શક્તિએ અવધાનો કરી બતાવ્યાં છે, તે શક્તિ તેમને વંશપરંપરાથી મળેલી નથી, પણ ગતજન્મોના અનુભવને લીધે પ્રાપ્ત થયેલી છે. મનુષ્યજાતિના સઘળા જીવો વિકાસક્રમની સીડીપર ચડી રહ્યા છે; પણ તેઓ સઘળા એક પગથીઆપર નથી. કોઇ આગળ છે અને કોઈ પાછળ પણ છે. જેમ જેમ જીવાત્મા આગળ વધતો જાય છે અને ઘણાં જન્મોનો અનુભવ મેળવતો જાય છે, તેમ તેમ તે પોતાની આધ્યાત્મિક શક્તિઓ ખીલવતો જાય છે અને જો કે મનુષ્ય નીતિને માર્ગે ચાલી યોગનો અભ્યાસ કરે છે, તો તે પણ આવી શક્તિ પ્રાપ્ત કરી શકે છે. આપણે નિશ્ચયપૂર્વક સમજવાની જરૂર છે કે શરીર અને જીવ જુદાં છે. જીવ માલીક છે અને શરીર તો માત્ર હથિયારરૂપ છે. જીવાત્મા અમર છે. માટે આપણે સૌ અમર છીએ. જ્યારે આ સિદ્ધાન્ત આપણે સારી રીતે સમજીશું અને તે પ્રમાણે વર્તન કરતા જઇશું, ત્યારે આખો ભારતવર્ષ અમર થઇ જશે અને ખરૂં સ્વાતંત્ર્ય તેની મેળે આપણને પ્રાપ્ત થશે.

ભાઇશ્રી હરજીવનદાસનું ભાષણ પુરૂં થતાંની સાથે શેઠ દેવીદાસ

લક્ષ્મીચંદ ઘેવરીઆએ આજના મેળાવડામાં હાજરી આપી તે વિષે કુમારશ્રી પ્રતાપસિંહજી, રાણાશ્રી પ્રતાપસિંહજી વગેરે સાહેબોનો તથા નાગરિક જનોનો આભાર માન્યો, અને મહારાજશ્રીએ તસ્દી લીધી તે માટે તેઓશ્રીનો યોગ્ય શબ્દોમાં આભાર માની મેળાવડાનો કાર્યક્રમ ખલાસ થયો, એમ જાહેર કર્યું.

મેળાવડો ખલાસ થયાની સાથે મહારાજશ્રી સાથે કુમારશ્રી પ્રતાપસિંહજી સાહેબે તથા રાણાશ્રી પ્રતાપસિંહજી સાહેબે કેટલીક વાતચીત કરી હતી. એ પ્રમાણે ગામના સદ્‌ગૃહસ્થોએ પણ મહારાજશ્રી સાથે કેટલીક વાતચીત કરી હતી. એ મેળાવડાથી નાગરિક લોકોના મનમાં મહારાજશ્રી વિષે અત્યંત પૂજ્યભાવ બંધાયો અને પૂજ્ય પવિત્ર વિદ્વાન અને શતાવધાની મુનિશ્રી મહારાજના સહવાસનો લાભ થયો તે માટે તેઓ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા.

આજના કાર્યક્રમથી સર્વત્ર આનંદ જોવામાં આવતો હતો.

પરમ પવિત્ર પૂજ્યપાદ મહારાજશ્રી રત્નચંદ્રજીના ગુણોનો પોરબંદરની પ્રજાને જે લાભ થયો એનો પૂણ્યભાગી અહીંનો જૈનસ્થાનકવાસી સંઘ તો છે જ પણ તેમાં વિશેષે કરીને ભાઇશ્રી દેવીદાસ લક્ષ્મીચંદ ઘેવરીઆ, ભાઇશ્રી મૂળજી રાઘવજી ઢાંકી, ભાઇશ્રી હરખચંદ વેલજી તથા માવજી ઝીણા વિગેરે સદ્‌ગૃહસ્થો તે પૂણ્યના ભાગીદાર છે. તેઓશ્રીએ કેવળ નાગરિકોનું મન સંતુષ્ટ કરવા માટે કરેલા પ્રયત્નનું આવું ફળ મળે તો તે ધન્યવાદના ભાગી તેઓ સિવાય બીજા કોણ હોઇ શકે ?

અવધાનો ચાલતાં હતાં ત્યારે કરેલા ટાંચન ઉપરથી ઉપરની હકીકત લખવામાં આવી છે અને તેમાં જો કાંઇ ભૂલ હોય તો તે માટે માફી માગવામાં આવે છે.

દીનદયાળ પરમાત્મા સૌનું મંગળ કરે.

સમાપ્ત.